પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ ● અંક : ૧૪૯ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૭-૦૨-૨૦૨૪ શનિવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## ખેડૂતોના ભારત બંધની અસર, કેટલીક જગ્યાએ હડતાળ અને કેટલીક જગ્યાએ ટ્રાફિક જામ; મુસાફરો પરેશાન થયા

### ભારત બંધની કોઈ અસર નહીં, દુકાનો અને સંસ્થાઓ ખુલી, દિલ્હી ટ્રાફિક જામમાં રખડતું રહ્યું

નવીદિલ્હી,

ખેડૂતોએ આજે ૧૬મી ફેબ્રુઆરીએ ભારત બંધનું એલાન કર્યું છે, પરંતુ સમગ્ર દેશમાં તેની કોઈ અસર જોવા મળી નથી. દિલ્હી-એનસીઆરમાં, દુકાનો અને વ્યવસાય-શૈક્ષણિક સંસ્થાઓ સંપૂર્ણપણે ખુલ્લી રહી હતી અને કામકાજ સામાન્ય હતું. દેશના સૌથી મોટા રાજ્યો ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં પણ બંધની અસર જોવા મળી નથી. આનું મુખ્ય કારણ મોટા ખેડૂત સંગઠનો અને નેતાઓનું આંદોલનથી દૂર રહેવું હોઈ શકે છે. ખેડૂતોના આ આંદોલન પ્રત્યે સામાન્ય માણસની સહાનુભૂતિના અભાવે પણ ભારત બંધને નિષ્ફળ બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. સમગ્ર દેશની સૌથી મોટી વેપારીઓની સંસ્થા ઝછ્ એ એક



દિવસ પહેલા જ આ આંદોલનમાં ન જોડાવાની જાહેરાત કરી હતી. આંદોલનને બેઅસર કરવા માટે પણ આ જાહેરાત મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. આના એક દિવસ પહેલા ખેડૂતોના રેલ રોકો આંદોલનને પણ કોઈ સફળતા મળી ન હતી.

પંજાબ અને હરિયાણાના કેટલાક વિસ્તારોમાં ભારત બંધની મર્યાદિત અસર જોવા મળી છે, જે ખેડૂતોના પ્રભાવના વિસ્તાર છે. ઘણા બજારોમાં દુકાનો બંધ રહી હતી, જ્યારે વ્યાપારી અને સરકારી સંસ્થાઓ પણ બંધ રહી હતી. ખેડૂતોના આંદોલનમાં પંજાબના ખેડૂતોની સૌથી વધુ ભાગીદારી હોવાથી તેમના પ્રભાવ હેઠળના વિસ્તારોમાં બંધની મિશ્ર અસર જોવા મળી હતી.

જ્યારે ખેડૂતો દાવો કરી રહ્યા છે કે તેમની સાથે સમગ્ર દેશના ખેડૂતો અને મજૂરો છે, ત્યારે હરિયાણાના કેટલાક વિસ્તારોમાં ખેડૂત વિરોધી આંદોલન રેલીઓ પણ યોજવામાં આવી હતી. રેલીમાં ભાગ લેનારા યુવાનોએ કહ્યું કે કેટલાક ખેડૂત નેતાઓ માત્ર પોતાની રાજનીતિ બતાવવા માટે વારંવાર રસ્તા પર ઉતરી રહ્યા છે. જેના કારણે ખેડૂતો તેમજ સામાન્ય લોકોને નુકસાન વેઠવું પડી રહ્યું છે અને સામાન્ય જનજીવન પ્રભાવિત થઈ રહ્યું છે.

યુપી પોલીસ ભરતી પરીક્ષામાં કેટલાંક લાખ યુવાનો ભાગ લે તેવી શક્યતા છે. આ યુવાનોનું એમ પણ કહેવું છે કે આંદોલન અને ભારત બંધના કારણે તેમનું ભવિષ્ય દાવ પર છે. ખેડૂતોએ વારંવાર આંદોલન કરવાને બદલે સરકાર સાથે વાત કરવાની અને ચૂંટણીમાં સરકાર પર દબાણ લાવવાની રણનીતિ અપનાવવી જોઈએ. યુવાનોએ જણાવ્યું હતું કે, જો બંધના કારણે તેઓ તેમના પરીક્ષા કેન્દ્રો સુધી પહોંચવામાં વંચિત રહેશે તો તેમનું ભવિષ્ય અંધકારમય બની જશે.

ભારત બંધ ભલે નિષ્ફળ ગયો હોય, પરંતુ ખેડૂતોના આંદોલનને કારણે દિલ્હી-એનસીઆર વિસ્તારમાં લોકોને ભારે ટ્રાફિક જામનો સામનો કરવો પડી રહ્યો છે. શુક્રવારે સવારે પણ ગાઝીપુર યુપી ગેટ બોર્ડર પર વાહનોનો કેટલાય કિલોમીટર લાંબો જામ હતો, જેના કારણે લોકોને અવરજવરમાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. તેવી જ રીતે, કાલિંદીકુંજ બોર્ડર, બદરપુર અને વજીરાબાદ ખાતે નોઈડાથી દિલ્હીના માર્ગો પર પણ ભારે ટ્રાફિક જામ જોવા મળ્યો હતો.સેન્ટર ઓફ ઈન્ડિયા ટ્રેન યુનિયને જમ્મુના મહારાજા હરિ સિંહ પાર્કની બહાર ખેડૂતોની માંગણીઓના સમર્થનમાં પ્રદર્શન કર્યું. આ દરમિયાન પાર્કની બહાર થોડો સમય ધરણા પણ કરવામાં આવ્યા હતા. તેમણે રેલી કાઢવાનો પણ પ્રયાસ કર્યો હતો. જોકે, તેને પોલીસ તરફથી આ માટે પરવાનગી મળી ન હતી. ખેડૂતોની માંગના સમર્થનમાં રાજ્યના ખેડૂતો અને અન્ય સંગઠનો પણ અહીં પહોંચ્યા હતા. વિરોધીઓએ સૂત્રોચ્ચાર કર્યા હતા અને કેન્દ્ર અને હરિયાણા સરકાર દ્વારા ખેડૂતો પર બળપ્રયોગનો વિરોધ કર્યો હતો.

ઉધમ સિંહ નગર જિલ્લામાં વિવિધ માંગણીઓ માટે દિલ્હીમાં આંદોલન કરી રહેલા ખેડૂતોના સમર્થનમાં તેરાઈ પ્રદેશના ખેડૂતો પણ બહાર આવ્યા છે. સંયુક્ત કિસાન મોરચાના ગ્રામીણ ભારત બંધના એલાનને સમર્થન આપતા તમામ ખેડૂતોએ શુક્રવારે ખેતીના કામકાજથી દૂર રહેવાનો નિર્ણય લીધો હતો બિજનૌરમાં, ભારતીય કિસાન યુનિયનના કાર્યકરોએ ભારત બંધ દરમિયાન વિસ્તારના શેરડી ખરીદ કેન્દ્રો પર સરકાર વિરુદ્ધ વિરોધ પ્રદર્શન કર્યું અને તોલ કરવાનું બંધ કર્યું. મટૌરા માન શેરડી કેન્દ્ર પર કામદારોની ભીડ હતી. બીજી તરફ અફઝલગઢમાં પણ બીકેયુના કાર્યકરોએ શહેર અને વિસ્તારના બજારો બંધ રાખ્યા હતા.

અંબાલા પોલીસે એકસ પર એક વીડિયો પોસ્ટ કર્યો અને કહ્યું- ખેડૂતોના આંદોલનની આડમાં બદમાશો શંભુ બેરિયર પર વિનાશ મચાવી રહ્યા છે. બદમાશો વારંવાર પોલીસ પર પથ્થરમારો કરી રહ્યા છે. ૧૮ પોલીસ અને સાત અર્ધલશ્કરી દળોના જવાનો સહિત કુલ ૨૫ જવાનો ઘાયલ થયા છે.

## અબુ ધાબીમાં હિંદુ મંદિરને લઈ પાકિસ્તાનીઓ બોખલાયા, ઈસ્લામ માટે વધારેમાં વધારે યોગદાન આપવું જોઈએ

ઈસ્લામાબાદ,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બુધવારે અબૂ ધાબીમાં પહેલા અને ભવ્ય હિંદુ મંદિરનું ઉદ્‌ઘાટન કર્યું છે. વડાપ્રધાન મોદીએ ૭૦૦ કરોડ રૂપિયાના ખર્ચે બનેલા આ મંદિરને બનાવવાની મંજૂરી આપવા બદલ યુએઈના રાષ્ટ્રપતિની પણ પ્રશંસા કરી હતી. ભારત અને યુએઈના લોકો મંદિરના નિર્માણથી ખુશ છે, પરંતુ પાકિસ્તાનના લોકોએ આ મુદ્દે છાતી પીટવાનું શરૂ કરી દીધું છે. પાકિસ્તાનમાં હિન્દુ સમુદાય સહિત અન્ય લઘુમતીઓની હાલત પહેલેથી જ ખરાબ છે. હવે યુએઈમાં મંદિર બનાવવાની વાત પાકિસ્તાનીઓના ગળામાંથી ઉતરી રહી નથી. આ જ કારણ છે કે પડોશી દેશોના લોકો હવે પાણી પીને યુએઈને કોસવા લાગ્યા છેપાકિસ્તાનમાં લોકો અત્યારે અબૂધાબીમાં બનેલા હિંદુ મંદિરને લઈને પોતાની પ્રતિક્રિયા આપી રહ્યા છે. પાકિસ્તાનમાં એક પણ વ્યક્તિ એવી નથીં મળી કે જેણે મંદિરનો વિરોધ ના કર્યો હતો. એક રિપોર્ટ પ્રમાણે વાત કરીએ તો એક વ્યક્તિએ કહ્યું કે, ‘આ યોગ્ય નથી, ત્યાં મંદિર ના બનાવવું જોઈએ. તેનાથી ઈસ્લામને નુકસાન થાય છે.’ તો બીજા એક વ્યક્તિએ કહ્યું કે, ‘મુસ્લિમ દેશ તરીકે યુએઈએ આવું ના કરવું જોઈએ. તેમને ઈસ્લામ માટે વધારેમાં વધારે યોગદાન આપવું જોઈએ.વધુમાં વાત કરીએ તો એક પાકિસ્તાનીએ કહ્યું કે, ‘જો મોદી અહીં આવે. આ એક સમૃદ્ધ દેશ છે તેથી શક્ય છે કે ત્યાં પણ ભારત માતાના નારા લાગશે. મુસ્લિમોએ આનો વિરોધ કરવો જોઈએ. ત્યાં મંદિર બનાવવાનો હેતુ શું છે?’ તો એક પાકિસ્તાની મહિલાએ મંદિર બાબતે કહ્યું કે,યુએઈ માં આપણો મુસ્લિમ સમુદાય છે તેમણે મંદિરનો વિરોધ કરવો જોઈએ. પહેલા તો આપણે આપણું મૂલ્ય બનાવવું જોઈએ. ત્યારે જ લોકો આપણી વાત સાંભળશે. અમારે યુએઈ સાથે સંબંધો બનાવવાની જરૂર છે. આ દરમિયાન વધુ એક પાકિસ્તાનીએ કહ્યુંકે, ‘યુએઈમાં મંદિર બનવુંએકદમ ખોટૂં છે. તે એક ઈસ્લામિક દેશ છે. ભારતીયોના દિલમાંથી અલ્લાહનો ડર નીકળી ગયો છે. મોદીનું આ રીતે સ્વાગત ના કરવું જોઈએ.’

## કોંગ્રેસનો મોટો આરોપ : પાર્ટી સંબંધિત ખાતા બંધ, આવકવેરા વિભાગે ૨૧૦ કરોડની રિકવરીનો આદેશ આપ્યો

### આવકવેરા ટ્રિબ્યુનલે કોંગ્રેસ પાર્ટીને ખાતાનો ઉપયોગ કરવાની પરવાનગી આપી

નવીદિલ્હી,

કોંગ્રેસ પાર્ટીને ઈક્મ ટેક્સ એપેલેટ ટ્રિબ્યુનલ તરફથી વચગાળાની રાહત મળી છે. આવકવેરા ટ્રિબ્યુનલે કોંગ્રેસ પાર્ટીને ખાતાનો ઉપયોગ કરવાની પરવાનગી આપી છે. ટ્રિબ્યુનલ હવે આ મામલે આગામી બુધવારે સુનાવણી કરશે.મળતી માહિતી મુજબ કોંગ્રેસ પાર્ટીના કુલ ૯ ખાતાઓ ફ્રીઝ કરવામાં આવ્યા છે. કોંગ્રેસે ઈક્મટેક્સ એપેલેટ ટ્રિબ્યુનલમાં અરજી કરી હતી. કોંગ્રેસના કોષાધ્યક્ષ અજય માકને ગઈકાલે એક દિવસ પહેલા એફિડેવિટ ફાઈલ કરી હતી અને આજે ઈક્મટેક્સ એપેલેટ ટ્રિબ્યુનલમાં તેની સુનાવણી થઈ હતી. કોંગ્રેસ વતી રાજ્યસભાના સાંસદ વિવેક ટંખા હાજર રહ્યા હતા. તેમણે ટ્વીટ કરીને કોંગ્રેસને વચગાળાની રાહત મળવાની જાણકારી આપી હતી.

કોંગ્રેસે કેન્દ્ર સરકાર પર મોટો આરોપ લગાવ્યો છે. પાર્ટીના પ્રવક્તા અજય માકને શુક્રવારે એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે આવકવેરા વિભાગે ૨૦૧૮-૧૯ના આવકવેરા રિટર્નના આધારે કોંગ્રેસ અને યુથ કોંગ્રેસના ખાતાઓ ફ્રીઝ કરી દીધા છે. તેમણે કહ્યું કે આવકવેરા વિભાગે આ બંને ખાતામાંથી ૨૧૦ કરોડ રૂપિયાની વસૂલાતનો આદેશ પણ આપ્યો છે. તેમણે કહ્યું કે ક્રાઉડફંડિંગ દ્વારા જે પણ રકમ ઉભી કરવામાં આવી છે તે અમારા ખાતામાં છે, તે અમારી પહોંચથી દૂર થઈ ગઈ છે.

માકને કહ્યું કે ચૂંટણીની જાહેરાતના માત્ર બે અઠવાડિયા પહેલા જ વિપક્ષી પાર્ટીનું ખાતું ફ્રીઝ કરી દેવામાં આવ્યું હતું. આ લોકશાહીને ઠંડુ પાડવા જેવું છે. માકને જણાવ્યું કે આ ખાતામાં એક મહિનાનો પગાર પણ જમા થઈ ગયો છે. અમે તે દાતાઓના નામ પણ આવકવેરા વિભાગને આપ્યા છે.

માકને કહ્યું કે, "અમને એક દિવસ પહેલા માહિતી મળી હતી કે અમે જે ચેક બેંકોને મોકલી રહ્યા છીએ તેની પતાવટ થઈ રહી નથી. તપાસ કરતાં જાણવા મળ્યું કે યુથ કોંગ્રેસનું બેંક એકાઉન્ટ ફ્રીઝ કરી દેવામાં આવ્યું છે. આ સાથે, તે પણ સામે આવ્યું. કોંગ્રેસ પાર્ટીના ખાતા પણ બંધ કરી દેવામાંઆવ્યા છે.કુલ ચાર ખાતા ફ્રીઝ કરવામાં આવ્યા છે.આવકવેરા વિભાગે બેંકોને સૂચના આપી છે કે અમારા એકપણ ચેક સ્વીકારવામાં ન આવે અને અમારા ખાતામાં જે પણ રકમ હશે તે વસૂલવામાં આવશે. "માટે રાખવામાં આવશે."

માકને કહ્યું કે કોંગ્રેસે આ મામલે ઈક્મટેક્સ એપેલેટ ટ્રિબ્યુનલનો સંપર્ક કર્યો છે. તેમણે આશા વ્યક્ત કરી કે ન્યાયતંત્ર લોકશાહીનું રક્ષણ કરશે. ભાજપ પર આરોપ લગાવતા કોંગ્રેસ નેતાએ કહ્યું કે શું તેઓ દેશમાં માત્ર એક જ પાર્ટી ઈચ્છે છે. તેમણે કહ્યું કે જો કોઈના ખાતા સીલ કરવા જોઈએ તો તે ભારતીય જનતા પાર્ટીના હોવા જોઈએ કારણ કે તેણે 'ગેરબંધારણીય' ચૂંટણી બોન્ડ દ્વારા કોર્પોરેટ જગત પાસેથી પૈસા લીધા છે.

કોંગ્રેસના કોષાધ્યક્ષ માકને કહ્યું કે અત્યારે કોંગ્રેસ પાસે ખર્ચ કરવા માટે પણ પૈસા નથી. તેમણે કહ્યું કે અમારી પાસે વીજળી બિલ ભરવા અને કર્મચારીઓને પગાર ચૂકવવા માટે પણ પૈસા બચ્યા નથી. તેમણે કહ્યું કે આનાથી દરેક વસ્તુ પર અસર થશે. માત્ર ન્યાય યાત્રા જ નહીં પરંતુ તમામ પ્રકારની રાજકીય ગતિવિધિઓને અસર થશે.

## રશિયા ટૂંક સમયમાં કેન્સરવિરોધી રસી બનાવશે, દર્દીઓને વહેલી તકે મળતી થશે

મોસ્કો,

રશિયાના વૈજ્ઞાનિકો ટૂંક સમયમાં કેન્સરની રસી તૈયાર કરશે તેવો દાવો રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુટિને કર્યો છે. એટલું જ નહીં કેન્સરના દર્દીઓને વહેલીતકે રસી મળી શકશે તેવો દાવો પણ તેમણે કર્યો છે. જોકે પ્રસ્તાવિત રસી ક્યારથી મળશે અને કયા પ્રકારનું કેન્સર રોકી શકશે તે અંગે ખુલાસો તેમણે નથી કર્યો.લોકો સુધી કેવી રીતે રસી પહોંચશે એ અંગે પણ કોઈ સ્પષ્ટતા કરાઈ નથી. મોસ્કો ફોરમ ઓન ફ્યૂચર ટેક્નોલોજી દરમિયાન ટેલિવિઝન પ્રસારણમાં પુટિને રસી અંગે માહિતી આપી હતી.

ભારતમાં ૨૦૨૨માં કેન્સરના ૧૪.૧૩ લાખ નવા કેસ સામે આવ્યા હતા. તેમાં ૭.૨૨ લાખ મહિલાઓ જ્યારે ૬.૯૧ લાખ પુરુષોને કેન્સર હોવાનું બહાર આવ્યું હતું. ૨૦૨૨માં ૯.૧૬ લાખ દર્દીઓનાં કેન્સરથી મૃત્યુ થયું હતું.

બ્રિટિશ સરકારે જર્મનીની બાયોએનટેક્ કંપની સાથે કેન્સરની રસી માટે કરાર કર્યો છે. ૨૦૩૦ સુધી ૧૦ હજાર કેન્સરદર્દીના ઉપચારનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.મૉડર્ના અને મર્ક કંપની ચામડીના કેન્સરની રસી બનાવી રહી છે. મૃત્યુની આશંકા અડધી રહેશે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન પ્રમાણે સર્વાઈકલ, હિપેટાઈટિસ બી કેન્સરનું કારણ હ્યુમન પેપિલોમા વાઈરસ માટે ૬ રસી ઉપલબ્ધ છે.

## સરકારે ક્રુડ પેટ્રોલિયમ પર વિન્ડફોલ ટેક્સ વધાર્યો, ખિસ્સા પર બોજો વધશે

નવીદિલ્હી,

સરકારે ઘરેલુ સ્તર પર ઉત્પાદિત પેટ્રોલિયમ પર વિન્ડફોલ ટેક્સ ૧૦૦ રૂપિયા પ્રતિ ટન વધારી દીધો છે. શુક્રવારથી ક્રુડ ઓઈલ પર વિન્ડફોલ ટેક્સ ૩૨૦૦ રૂપિયા પ્રતિ ટનથી વધારીને ૩૩૦૦ રૂપિયા પ્રતિ ટન કરવામાં આવ્યો છે. આ ટેક્સ સ્પેશિયલ એડિશનલ એક્સાઈસ ડ્યૂટી જીછઈડ્ઢ તરીકે લગાવવામાં આવે છે. એક ઓફિશિયલ નોટિફિકેશન મુજબ ડીઝલની નિકાસ ઉપર પણ એસએઈડીને પહેલા શૂન્યથી વધારીને ૧.૫૦ રૂપિયા પ્રતિ લીટર કરવામાં આવ્યો છે.નાણામંત્રાલય તરફથી બહાર પાડવામાં આવેલા નોટિફિકેશન મુજબ પેટ્રોલિયમ ક્રુડ પર વિન્ડફોલ ટેક્સ ૧૦૦ રૂપિયા વધારવામાં આવ્યો છે. જ્યારે પેટ્રોલ અને એટીએફ પર વધારાની ડ્યૂટી શૂન્ય રહેશે. ૧૬ ફેબ્રુઆરીથી ઓએનજીસી જેવી સરકારી ઓઈલ કંપનીઓએ ઘરેલુ ઉત્પાદિત ક્રૂડ ઓઈલ પર ૩૩૦૦ રૂપિયા પ્રતિ ટન સ્પેશિયલ એડિશનલ એક્સાઈઝ ડ્યૂટી સ્વરૂપે વિન્ડફોલ ટેક્સ ચૂકવવો પડશે. હાલમાં જ થયેલા ક્રુડ ઓઈલના ભાવમાં વધારાના પગલે સરકારે આ નિર્ણય લીધો છે. આ મહને સરકારે ઘરેલુ ક્રુડ ઓઈલના ઉત્પાદન પર સ્પેશિયલ એડિશનલ એક્સાઈઝ ડ્યૂટીને ૧૭૦૦ રૂપિયા પ્રતિ ટનથી વધારીને ૩૨૦૦ રૂપિયા પ્રતિ ટન કરી હતી. અત્રે જણાવવાનું કે સરકાર દર ૧૫ દિવસે વિન્ડફોલ ટેક્સની સમીક્ષા કરે છે. બજારમાં ચાલી રહેલી ઓઈલની કિંમતોને આધારે તેની સમીક્ષા કરાય છે. ઓઈલ માર્કેટિંગ કંપનીઓના અનપેક્ષિત નફા પર સરકાર તરફથી વધારાનો ટેક્સ લગાવવામાં આવે છે. જેને વિન્ડફોલ ટેક્સ કહે છે. વિન્ડફોલ ટેક્સ એવી કંપનીઓ કે ઈન્ડસ્ટ્રીઝ પર લાગે છે જેને બદલાતી સ્થિતિમાં

## કચ્છમાં ૬ પોલીસ અધિકારી સહિત ૧૯ લોકો સામે ફરિયાદ દાખલ

અમદાવાદ

ગુજરાતના પોલીસ બેડામાં ખળભળાટ મચાવતી મોટી ખબર સામે આવી છે. ગુજરાત પોલીસ ફરી વિવાદમાં આવી છે. આ ખબરથી ગુજરાતના પોલીસ બેડામાં સનસનાટી મચી ગઈ છે. ગુજરાત પોલીસના કેટલાક અધિકારીઓ અને કર્મચારીઓ પર ફરી સકંજામાં આવ્યા છે. કચ્છમાં ૬ પોલીસ અધિકારી સહિત ૧૯ લોકો સામે ફરિયાદ નોંધાઈ છે. પશ્ચિમ કચ્છ સીઆઈડી ક્રાઈમમાં ફરિયાદ નોંધાઈ છે. પશ્ચિમ કચ્છના તાત્કાલિક એસપી,ડીવાયએસપી.પીએસઆઈ સહિત ઈલેક્ટ્રોથર્મના માલિકો સામે ફરિયાદ નોંધાઈ છે. વર્ષ ૨૦૧૫ ના બનાવની ફરિયાદ કોર્ટના આદેશ બાદ સીઆઈડીએ ફરિયાદ નોંધી છે.

પશ્ચિમ કચ્છ સીઆઈડીએ પોલીસ અધિકારીઓ સામે ફરિયાદ નોંધાઈ છે. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ પોલીસ અધિકારીઓ સામે ફરિયાદ નોંધવામાંઆવી છે. ૨૦૧૫ના વર્ષનો આ બનાવ છે, જેમાં જીઝના આદેશ બાદ સીઆઈડીએ ફરિયાદ નોંધી છે. ફરિયાદીની ફરિયાદ ના લેવા બાબતે પોલીસ અધિકારીઓ સામે કેસ કરાયો છે. ફરિયાદીના અપહરણની ફરિયાદ પણ ના લેતા પોલીસ અધિકારીઓ સામે કેસ થયો છે. ગંભીર કલમો સાથે પોલીસ અધિકારીઓ સામે ફરિયાદ થઈ છે. ગુજરાતના ૨ આઈપીએસ અધિકારીઓ સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. તો ગુજરાતના ૩ ડીવાય એસપી સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. એક પીએસઆઈ સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. તો બીજી તરફ, ઈલેક્ટ્રોથર્મના માલિક શૈલેષ ભંડારી સામે પણ ફરિયાદ નોંધાઈ છે.

### કોની કોની સામે ફરિયાદ

- ★ તત્કાલીન એસપી આઈપીએસ જી.વી બારોટ
- ★ તત્કાલીન એસપી ભાવના પટેલ
- ★ તત્કાલીન ડીવાય એસપી વી.જે ગઢવી
- ★ તત્કાલીન ડીવાય એસપી ડી.એસ વાઘેલા
- ★ તત્કાલીન ડીવાય એસપી આર. ડી દેસાઈ

## અયોધ્યાના રામ મંદિરને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી ! પોલીસ વિભાગમાં ખળભળાટ



લખનૌ,

ઉત્તર પ્રદેશની રાજધાની લખનૌમાં ઘણી જગ્યાએ શ્રી રામ મંદિરને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતા પત્રો મળ્યા છે. ધમકીભર્યા પત્રમાં મોબાઈલ નંબર પણ લખવામાં આવ્યો છે. આ મોબાઈલ નંબર કોઈ યુવતીનો છે. પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે.દરરોજ લાખો ભક્તો અયોધ્યાના શ્રી રામ મંદિરમાં દર્શન માટે પહોંચી રહ્યા છે. ત્યારે આ દરમિયાન અયોધ્યાના રામ મંદિરને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. આ ઉપરાંત લખનઉં બક્ષી કા તાલાબ (મ્દ્ભ) પોલીસ સ્ટેશનને પણ બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી છે. આ પછી પોલીસ વિભાગ સતર્ક બન્યુ છે અને સુરક્ષાવ્યવસ્થા વધારી દેવામાં આવી છે.

સીતાપુર રોડની બાજુમાં આવેલી પાલ રેસ્ટોરન્ટમાં પોલીસને ધમકીભર્યો પત્ર મળ્યો છે. આ પછી મંદિરની સુરક્ષા સાથે જોડાયેલી ગુપ્તચર એજન્સીઓ અને સુરક્ષા વ્યવસ્થા પહેલા કરતા વધુ સતર્ક થઈ ગઈ છે. ધમકીભર્યો પત્ર મળ્યા બાદ પોલીસે ગુરુવારે મોડી રાત્રે અજાણ્યા લોકો સામે કેસ નોંધીને તપાસ શરૂ કરી હતી.

પોલીસને મળેલા ધમકીભર્યા પત્રમાં અનેક વાંધાજનક શબ્દો અને એક યુવતીનો નંબર પણ લખવામાં આવ્યો છે. પત્રમાં દેશવિરોધી સૂત્રોચ્ચાર અને સામાજિક સમરસતાને ખલેલ પહોંચાડી શકે તેવા અન્ય વાંધાજનક શબ્દો લખવામાં આવ્યા છે. તપાસ દરમિયાન પોલીસે પત્રમાં લખેલ યુવતીનો નંબર ડાયલ કર્યો તો જાણવા મળ્યું કે આ પ્રકારના પત્ર ઘણા દિવસોથી અલગ-અલગ જગ્યાએ ફેંકવામાં આવી રહ્યા હતા. તેમાં તે છોકરીનો નંબર લખેલો છે.

બે દિવસ પહેલા આ જ યુવતીએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે હવે મોડી રાત્રે અજાણ્યા લોકો સામે ગુનો નોંધ્યો છે. પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે. પોલીસને મળેલા ધમકીભર્યા પત્રમાં ઝોયા ખાન અને ઝુબેર ખાનના નામનો ઉલ્લેખ છે. આ મામલો બક્ષી કા તાલાબ પોલીસ સ્ટેશન વિસ્તારના પાલ રેસ્ટોરન્ટનો છે.


### જાહેર નોટીસ

#### મે.લુણાવાડાના સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,

જન્મ/મરણ/નોંધણી/અ.નં. /૨૦૨૪

અરજદાર :: શ્રી પટેલ બાબરભાઈ બેચરભાઈ, રે.ખારોલ, તા–લુણાવાડા, જી–મહીસાગર

:: વિરુદ્ધ ::

સામાવાળા :: જન્મ–મરણ નોંધણી રજીસ્ટ્રાર અને ત.ક.મંત્રી ખારોલ.

આથી લાગતા વળગતા હિત ધરાવતા તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,

ઉપરોકત અરજદારએ નામે **“શ્રી પટેલ બાબરભાઈ બેચરભાઈ ”**એ તેમના પુત્રી નામે **“પટેલ કપિલાબહેન બાબરભાઈ પટેલ”**ની જન્મ સને ૧૭/૧૨/૧૯૭૧ ના વર્ષમાં મુ.ખારોલ, તા.લુણાવાડા, જી.મહીસાગર મુકામે થયેલ હતો, તેવું અમારી સમક્ષ જાહેર કરી જન્મની નોંધ સામાવાળાના જન્મ રજીસ્ટરે કરવાની રહી ગયેલ હોઈ સામાવાળાના રજીસ્ટરે જન્મની નોંધણી કરાવવા સારૂ અત્રેની કોર્ટમાં અપીલ દાખલ કરેલ છે.

વાસ્તે સદર હું અરજદારની અરજી સામે જે કોઈ લાગતા વળગતા ઈસમોને વાંધો–તકરાર હોય તો તેમણે આ કોર્ટની સમક્ષ તા.૧૫/૦૩/૨૦૨૪ના રોજ બપોરે ૩.૦૦ કલાકે લેખિતમાં પોતાના વાંધા–તકરાર રજુ કરવા, જો તેમ કરવામાં કસુર કરશો તો આ કોર્ટ સદર અપીલ અંગે કાયદેસરની આગળની કાર્યવાહી હાથ ધરશે, જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૬/૦૨/૨૦૨૪ ના રોજ નોટીસ પ્રસિધ્ધ કરી.

કોર્ટનો સિક્કો

હુકમથી સહી/–
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ,
પ્રાન્ત લુણાવાડા

### જાહેર નોટીસ

#### મે.લુણાવાડાના સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,

જન્મ/મરણ/નોંધણી/અ.નં./૨૦૨૪.

અરજદાર :: શ્રી તલાર ભવાનભાઈ ખાતુભાઈ રે.ચારણગામ (સાલાવાડા) તા.લુણાવાડા, જી. મહીસાગર.

:: વિરુદ્ધ ::

સામાવાળા : જન્મ–મરણ નોંધણી રજીસ્ટ્રાર અને ત.ક.મંત્રી ચારણગામ(સા)

આથી લાગતા વળગતા હિત ધરાવતા તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,

ઉપરોકત અરજદારએ નામે **“શ્રી તલાર ભવાનભાઈ ખાતુભાઈ ”** એ તેમના પોતેના નામે **“તલાર ભવાનભાઈ ખાતુભાઈ ”**ની જન્મ સને ૦૮/૦૪/૧૯૬૫ ના વર્ષમાં મુ.ચારણગામ (સાલાવાડા), તા.લુણાવાડા, જી.મહીસાગર મુકામે થયેલ હતો, તેવું અમારી સમક્ષ જાહેર કરી જન્મની નોંધ સામાવાળાના જન્મ રજીસ્ટરે કરવાની રહી ગયેલ હોઈ સામાવાળાના રજીસ્ટરે જન્મની નોંધણી કરાવવા સારૂ અત્રેની કોર્ટમાં અપીલ દાખલ કરેલ છે.

વાસ્તે સદર હું અરજદારની અરજી સામે જે કોઈ લાગતા વળગતા ઈસમોને વાંધો–તકરાર હોય તો તેમણે આ કોર્ટની સમક્ષ તા.૧૫/૦૩/૨૦૨૪ના રોજ બપોરે ૩.૦૦ કલાકે લેખિતમાં પોતાના વાંધા–તકરાર રજુ કરવા, જો તેમ કરવામાં કસુર કરશો તો આ કોર્ટ સદર અપીલ અંગે કાયદેસરની આગળની કાર્યવાહી હાથ ધરશે જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૬/૦૨/૨૦૨૪ ના રોજ નોટીસ પ્રસિધ્ધ કરી

કોર્ટનો સિક્કો

હુકમથી સહી/–
સબડીવીઝનલ મેજીસ્ટ્રેટ,
પ્રાન્ત લુણાવાડા

# ગુજરાત રાજ્યમાં સૌપ્રથમ ખેડા જીલ્લામાં નડિયાદ મુકામે ભારતીય કૃત્રિમ અંગ નિર્માણ નિગમ (ALIMCO)ની અધિકૃત વેચાણ અને રીપેર એજન્સી- આસરા કેન્દ્રનો શુભારંભ

નડીયાદ,

દિવ્યાંગજન અને વરિષ્ઠજનોને નિશુલ્ક કુત્રિમ અંગ અને સાધન સહાય આપવા માટે ભારત સરકાર દ્વારા ગુજરાત રાજ્યમાં સૌપ્રથમ ખેડા જીલ્લામાં નડિયાદ મુકામે ભારતીય કુત્રિમ અંગ નિર્માણ નિગમ (ALIMCO) ની અધિકૃત વેચાણ અને રીપેર એજન્સી- આસરા કેન્દ્ર નો શુભારંભ થયેલ છે.ખેડા જીલ્લાના દિવ્યાંગજનોને કૃત્રિમ અંગો અને સહાયક ઉપકરણો સરળતાથી ઉપલબ્ધ કરાવવા અને તેમના નજીકના વિસ્તારમાં મોટરાઈઝ્ડ ટ્રાઈસાઈકલ અને વિવિધ સહાયક ઉપકરણોની રિપેરીંગની સુવિધા સરળતા થી મળી રહે તે હેતુ થી ભારત સરકાર દ્વારા નડિયાદમાં આસરા કેન્દ્રની સ્થાપના માં ગાયત્રી ઓર્થો કેયર'', ૧૦૨, શિવાલિક કોમ્પ્લેક્સ, પારેખ હોસ્પિટલ પાસે, સરદાર પટેલ ઓવર બ્રીજ નીચે, પેટલાદ રોડ, નડીઆદ ખાતે શરૂ કરવામાં આવી છે.આ કેન્દ્રમાં દિવ્યાંગજનો અને સિનિયર સિટીજન માટે ઉપયોગી જરૂરી સહાયક ઉપકરણો જેવા કે કૃત્રિમ હાથ, પગ, બગલ ઘોડી, વોકર, વોકિંગ સ્ટીક, ટ્રાઇસાઇકલ, વ્હીલ




ચેર, કાનનું મશીન, ચશ્મા, કૃત્રિમ દાંત વગેરે સાધન સહાય તદન મફત અને સરળતા થી મળશે. ૮૦ ટકા થી વધારે દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગજનોને બેટરી સંચાલિત મોટરવાળી ટ્રાઈસાયકલ પણ મળશે. આ કેન્દ્રના શુભારંભ થયેથી હવે કોઈ પણ દિવ્યાંગજનો કે સિનિયર સિટીજનને સાધન સહાય મેળવા માટે કેમ્પની અથવા કોઈ સંસ્થા કે દાતા ની રાહ જોવી નહી પડે. આ આસરા કેન્દ્રની સ્થાપના કાયમી ધોરણે કરવામાં આવેલ છે. જેથી કોઈ પણ દિવ્યાંગજન અથવા જરૂરિયાતમંદ સિનિયર સિટીજન ગમે તે દિવસ ઓફિસ સમય દરમ્યાન આ આસરા કેન્દ્રમાં જાઈને પોતાનુ રજીસ્ટ્રેશન કરાવીને નિષ્ણાત તજજ્ઞો દ્વારા તપાસ કરાયા પછી જરૂરિયાત મુજબની સાધન સહાય તદન મફત મેળવી શકે છે. તે પછી પણ કોઈ પણ સાધનોમાં રિપેરિંગની જરૂર પડે તો રિપેરિંગની સુવિધા પણ આ આસરા કેન્દ્ર પર મળશે.

આ સાધન સહાય ભારત સરકારના સામાજીક ન્યાય અને અધિકારિતા મંત્રાલયના દિવ્યાંગજનો માટે એડીપ (ADIP) અને સિનિયર સિટીજન માટે રાષ્ટ્રીય વયો યોજના (RVY) હેઠળ ભારતીય કૃત્રિમ અંગ નિર્માણ નિગમ (ALIMCO) દ્વારા તદન મફત મળે છે.આસરા કેન્દ્રના ડાયરેક્ટર ડો. ચંદ્રગોપાલ જે પોતે કૃત્રિમ અંગના નિષ્ણાંત છે અને છેલ્લા ૧૮ વર્ષોથી નડિયાદ ખાતે દિવ્યાંગજનો માટે કૃત્રિમ અંગ અને સહાયક ઉપકરણોનું નિર્માણ કરી સમગ્ર દેશમાં એલીમકો દ્વારા કેમ્પોના આયોજન કરી સાધન સહાય નિશુલ્ક વિતરણ કરે છે. તેઓએ જણાવેલ કે આસરા કેન્દ્ર ખેડા-નડીઆદ દ્વારા તા.૧૦/૦૨/૨૦૨૪ ના રોજ નડીઆદ તાલુકાના લાભાર્થીઓના રજીસ્ટ્રેશન તથા ડોક્ટરી તપાસ (એસેસમેન્ટ) કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. જે કેમ્પ માં ૨૫૦ જેટલા દિવ્યંગજનો તથા ૧૦૦ જેટલા વરિષ્ઠ નાગરિકો એ લાભ લીધેલ છે. તેઓને ટૂંક સમય માં તેઓને તેમની જરૂરીયાત મુજબના સહાયક ઉપકરણ સાધન સહાય નું નિશુલ્ક વિતરણ કરવામાં આવનાર છે.

આસરા ખેડાના કોર્ડિનેટર રાકેશ ચાવડા જણાવેલ કે ''આસરા કેન્દ્ર'' ખેડા-નડીઆદ ખાતે સમગ્ર વર્ષ દરમ્યાન નોંધણી તેમજ એસેસમેન્ટ બાદ સહાયક ઉપકરણ સાધન સહાય વિતરણનું કાર્ય ચાલુ રહેશે અને વધુ લાભાર્થીઓને લાભ મળે તેના માટે જીલ્લાના તમામ તાલુકા કક્ષાએ કેમ્પોનું આયોજન પણ કરવામાં આવનાર છે.

# હૃદય રોગના હુમલાની ઘટના : ખાનપુર તાલુકાની બાકોર તાલુકા પંચાયત કચેરીમાં ખુરશીમાં બેઠા બેઠા ચોકીદાર ઢળી પડ્યા

મલેકપુર,

રાજ્યમાં હૃદય રોગના હુમલાની ઘટના વધી રહી છે. અને દિવસે ને દિવસે હાર્ટએટેકના બનાવો બની રહ્યા છે. ત્યારે મહીસાગર જીલ્લામાં ફરીએકવાર આવી જ એક ઘટના સામે આવી છે. જેમાં એક કચેરીના ચોકીદાર ખુરશીમાં બેઠા બેઠા જ અચાનક ઢળી પડ્યા હતા. અને ઘટના સ્થળે જ તેમનું મોત નીપજ્યું હતું.

મહીસાગર જીલ્લાના ખાનપુર તાલુકાની બાકોર તાલુકા પંચાયત કચેરીમાં ચોકીદાર તરીકે ફરજ બજાવતા ખાનપુર તાલુકાના કાનેશર ગામના વતની ૪૯ વર્ષીય તરાલ રાયજીભાઈ માનાભાઈ આજે કચેરી ખાતે ખુરશીમાં બેઠા હતા. તે સમયે અચાનક જ તેઓ આગળની તરફ ઝૂકી ગયા હતા. જે બાદ તેઓ એકાએક ઢળી પડ્યા હતા. હાર્ટએટેકના કારણે મૃત્યુ થયું હોવાનું હાલ અનુમાન લગાવવા




આવી રહ્યું છે. સમગ્ર બનાવ બનતા જ કચેરીમાં ઘેરા શોખની લાગણી પ્રસરી છે. બીજી તરફ પરિવારમાં પણ રાયસજીભાઈના મોતથી માતમ છવાયું છે. મળતી પ્રાથમિક માહિતી મુજબ તેઓ છેલ્લા કેટલાય વર્ષોથી તાલુકા પંચાયત કચેરી બાકોર ખાતે વોચમેન તરીકે ફરજ બજાવતા હતા. આજે અંદાજીત સવારે ૮ વાગ્યાની આજુ બાજુ તેઓ ડ્યુટી દરમિયાન ખુરશીમાં બેઠા હતા. તે સમયે અચાનક ઢળી પડ્યા હતા અને તેઓનું મોત નીપજ્યું છે. સમગ્ર બનાવ બનતા બાકોર પોલીસ સ્ટેશનના પીએસઆઇ સી.કે.સીસોદીયા પોલીસ સ્ટાફ સાથે ઘટના સ્થળે પહોંચી બનાવ અંગે તપાસ હાથ ધરી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે બાકોર સરકારી હોસ્પિટલમાં ખસેડાયા છે.જ્યારે પોલીસે પ્રાથમિક તાપસ હાથ ધરી અકસ્માતે મોતનો ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

થોડા દિવસો આગાઉ મહીસાગર જીલ્લાના લુણાવાડા તાલુકાના દલવાઈસાવાલી ગામના વતની ૫૬ વર્ષીય અશ્વિનભાઈ કિશોરભાઈ પટેલ જેઓ પોતાના પરિવાર સાથે થર્મલ ખાતે હતા. જ્યાં તેમને અચાનક તેમને હાર્ટ એટેકનો હુમલો આવ્યો હતો. જે બાદ તેઓને સારવાર માટે બાલાસિનોર લઈ જતા જ રસ્તામાં તેઓનું મોત નીપજ્યું હતું. જ્યારે પરિવારજનો અશ્વિનભાઈના મૃતદેહને લઈ તેમના વતન દલવાઈ સાવલી ખાતે લઈને આવ્યા હતા. જ્યાં તેમની ૮૬ વર્ષીય માતા ધૂળીબેન પોતાના પુત્રના મૃતદેહને જોઈ તુરંત જ તેમને આઘાત લાગ્યો હતો. તેઓએ પણ થોડી જ મિનિટમાં પોતાના પ્રાણ ત્યાગ્યા હતા. ત્યારે થોડા દિવસો બાદ મહીસાગર જીલ્લામાં ફરીવાર આવી જ એક ઘટના બની છે.

# જીલ્લા કક્ષાનો ઔદ્યોગિક રોજગાર ભરતીમેળો/ એપ્રેન્ટીસ ભરતી મેળો તથા સ્વ રોજગાર માર્ગદર્શન શિબિર લુણાવાડા ખાતે યોજાશે

મહીસાગર,

જીલ્લા રોજગાર વિનિમય કચેરી, લુણાવાડા-મહીસાગર દ્વારા તારીખઃ૨૮-૦૨-૨૦૨૪ ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે રાજપૂત સમાજની વાડી, કોટેજ ચોકડી, લુણાવાડા, મહીસાગર ખાતે મહિલા તથા પુરૂષ ઉમેદવારો માટે જીલ્લાકક્ષાના ઔદ્યોગિક રોજગાર ભરતીમેળો/ એપ્રેન્ટીસ ભરતીમેળો તેમજ સ્વ રોજગાર માર્ગદર્શન શિબિરનું આયોજન કરેલ છે.

જેમાં ઉમેદવારોને રોજગારલક્ષી સ્વ રોજગારલક્ષી સેવાઓ અંગેનું માર્ગદર્શન આપવામાં આવશે. તેમજ ઔદ્યોગિક રોજગાર ભરતીમેળામાં ખાનગી ક્ષેત્રમાં મહીસાગર, પંચમહાલ, વડોદરા, અમદાવાદ જીલ્લાના નોકરીદાતાઓ દ્વારા રોજગારીની તક પૂરી પાડવામાં આવશે.

ધોરણ ૧૦ પાસ , ધોરણ૧૨પાસ આઈ.ટી.આઈ (ટેકનીકલ ટ્રેડ), ડીપ્લોમા તથા ગ્રેજ્યુએટ લાયકાત ધરાવતા ૧૮ થી ૩૨ વર્ષ વય મર્યાદા ધરાવતા અનુભવી, બિન-અનુભવી ઉમેદવારોને ખાનગી ક્ષેત્ર માં રોજગારીની તક આપવામાં આવશે. આ ભરતીમેળામાં નોકરીદાતા દ્વારા ટેકનીકલ તથા નોન ટેકનીકલ જગ્યાઓ માટે ઈન્ટરવ્યુ પ્રક્રિયા કરવામાં આવશે.ઔદ્યોગિક રોજગાર ભરતી મેળામાં ભાગ લેવા જણાવવામાં આવે છે.

# મહીસાગર ૧૨૨ વિધાનસભા લુણાવાડાના ધારાસભ્યનું કોંગ્રસમાં વધ્યું કદ

લુણાવાડા,

મહીસાગર જીલ્લાની ૧૨૨ લુણાવાડા વિધાનસભા બેઠકના કોંગ્રેસ ધારાસભ્ય ગુલાબસિંહ ચૌહાણને મહીસાગર જીલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ બનાવવામાં આવ્યા છે. જેથી ધારાસભ્ય ગુલાબસિંહ ચોહાણનું કોંગ્રેસમાં કદ વધ્યું છે. બીજી તરફ થોડા દિવસો આગાઉ ધારાસભ્ય ગુલાબસિંહ ચોહાણ ભાજપમાં જોડાઈ જશે તેવી અટકળો વહેતી થઈ હતી. જોકે તેઓએ વીડિયોના માધ્યમથી સ્પષ્ટતા કરતા કીધું હતું કે હું કોંગ્રેસમાં જ છું ત્યારે આ બધી અટકળો વચ્ચે આજે તેમને જીલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ બનવવવામાં આવતા રાજકરણ ગરમાયું છે. ત્યારે હવે ગુલાબસિંહ ચૌહાણ ધારાસભ્યની સાથે સાથે




જીલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખની જવાબદારી પણ નિભાવશે. પ્રમુખ તરીકેની વરણી થતા કાર્યકર્તાઓ દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે. ઉપરાંત આવનારી સાંસદની ચૂંટણીને ધ્યાને લઈ ગુલાબસિંહ ચૌહાણને પ્રમુખની વરણી કરવામાં આવતા જીલ્લાના રાજકારણમાં ગરમાવો આવી ગયો હતો.

# સંતરામપુર તાલુકાના નાનીરેલ ગામે ૩૮ વર્ષીય યુવક અગમ્ય કારણોસર કૂવામાં પડી જતા મોત પોલીસે વધુ તપાસ હાથ ધરી

સંતરામપુર,

મહીસાગર જીલ્લાના સંતરામપુર તાલુકામાં આવેલ નાનીરેલ ગામે આજે એક પાણી વગરના અવાવરૂં કુવા માંથી યુવકનો મૃતદેહ મળી આવ્યો છે. કૂવામાં યુવકની લાશ છે તેવી જાણ પોલીસે કરવામાં આવી હતી. જે બાદ સંતરામપુર પોલીસ ઘાટના સ્થળે પહોચી લાશને કુવા માંથી બહાર કાઢી હતી.

સંતરામપુર તાલુકાના નેશ ગામના રહેવાસી નરેશભાઈ પૂજાભાઈ ખાંટ કે જેઓની મૃતપાય હાલતમાં લાશ નાનીરેલ ગામે એક અવાવરૂં કુવા માંથી મળી આવી છે. આ બનાવ અંગે પોલીસને જાણ થતાં સંતરામપુર પોલીસ ઘટના સ્થળે પહોચી વધુ કાર્યવાહી તપાસ હાથ ધરી છે. ત્યારે યુવકના મોત અંગેનું કારણ હજી અકબંધ છે અને પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે. નરેશભાઈ પુજાભાઈ ખાંટ મૂળ નિસ ગામના વતની હતા, પરંતુ તેના સાળાના લગ્નમાં નાનીરેલ આવેલા હતા. સવારે વહેલા લઘુ શંકા કરવા



ગયેલા હતા તે સમયે આ ઘટના બની હતી. તેમના પરિવારોને આ ઘટનાની ખબર પડતા તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયા હતા. સંતરામપુર પોલીસે કૂવા માંથી લાશને બહાર કાઢીને સરકારી હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ કરવામાં આવેલું હતું અને પોલીસ હજુ તપાસ હાથ ધરી છે. ખાલી કુવા માંથી લાશ મળી આવેલી હતી તે સમય દરમિયાનમાં મોબાઈલની ટોચ પણ બેટરી ચાલુ હતી. આવી ઘટનાને લઈને પરિવારોમાં ભારે આકરોષ જોવા પણ મળી આવેલો હતો અને આક્ષેપ કરવામાં આવેલો કે અને તેની દીકરી જણાવેલું કે મારા બાપાને કોઈએ મારી નાખ્યા છીએ અને અમને પૂરેપૂરો ન્યાય મળવો જોઈએ તે પણ જણાવેલું હતું

# મહીસાગર જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, દ્વારા ૯ મી માર્ચ રોજ નેશનલ લોક અદાલતનું આયોજન

મહીસાગર,

રાષ્ટ્રીય કાનુની સેવા સત્તા મંડળ, નવી દિલ્હીના આદેશ અનુસાર અને નામદાર ગુજરાત રાજ્ય કાનુની સેવા સત્તા મંડળ, અમદાવાદનાઓના ઉપક્રમે મહીસાગર જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, દ્વારા તા.તા.૯/૩/૨૦૨૪ ને શનિવારના રોજ ૧૦:૦૦ કલાકથી નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવેલ છે.

જેમાં સમાધાનલાયક કેસો જેવા કે, ફોજદાર સમાધાન લાયક કેસો, નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ ૧ ૩૮ના કેસો, બેંક રીકવરીના કેસો, અકસ્માત વળતરના કેસો, મજુર ડીસ્ક્યુટના કેસો, જમીન સંપાદનના કેસો, ફેરફાર/ભાગલા/ભાડા બેંક વસુલાત/સુખાધિકારીના હકકો વિગેરેના દિવાની દાવાઓ, વીજળી અને પાણીના બીલના કેસો, પ્રિ-લીટીગેશનના કેસો, ભરણ પોષણના કેસો અને કૌટુંબિક ઝઘડાના કેસોનો સમાધાન લાયક કેસો તેમજ અન્ય સમાધાન લાયક કેસોનો સમાધાનપૂર્વક નિકાલ કરવા માટે આયોજન કરવામાં આવેલ છે.

જેમાં કેસો મુકવા ઈચ્છતા પક્ષકારો, વકીલો જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, મહીસાગર મું.લુણાવાડા તથા મહીસાગર જીલ્લાની જે તે તાલુકા કાનુની સેવા સમિતિના ચેરમેનઓને સંપર્ક કરશો તેમ ફુલ ટાઈમ સેક્રેટરી જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, મહીસાગર-લુણાવાડાની અખબારી યાદીમાં જણાવાયુ છે.



સંતરામપુર તાલુકામાં તાલુકા કક્ષાનો માતૃ પિતૃ પૂજન કાર્યક્રમ જે.એચ.મહેતા હાઈસ્કૂલમાં યોજાઈ ગયો. જેમાં મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા અને તેઓનાં બાળકો દ્વારા તેઓનું વિધિવત રીતે પૂજન કરવાંમાં આવ્યું.

## આપની આજ.......

મેષઃ રોજગાર માટે પ્રયત્નો કરનારા લોકો માટે સારા સમાચાર મળશે અને તમારા સામાજિક વર્તુળનો વિકાસ થશે. વિદ્યાર્થીઓ માટે સમય અનુકૂળ બનશે. કોઈ મિલકતની ખરીદી અને વેચાણ સમયે તેના તમામ કાયદાકીય પાસાઓને ગંભીરતાથી ધ્યાનમાં લો.

વૃષભઃ આજે વેપારના ક્ષેત્રમાં સાનુકૂળ લાભ મળતા આનંદ થશે. આર્થિક સ્થિતિ વધુ મજબૂત બનશે. ધંધાના વિસ્તરણ માટેની યોજના બનાવશો. સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતા અને પારિવારિક જવાબદારીઓ પૂર્ણ થશે.

મિથુનઃ વિવાહિત જીવન આનંદપ્રદ રહેશે. આજે નજીક અને દૂર પણ સકારાત્મક પ્રવાસ થઈ શકે છે. પારિવારિક બિઝનેસમાં વધતી પ્રગતિના કારણે ખુબ ખુશી થશે.

કર્કઃ કાર્યક્ષેત્રમાં કેટલાંક પરિવર્તન આવશે, જેના કારણે તમારા સાથીઓનો મૂડ બગડી શકે છે પરંતુ તે તમારા માટે ફાયદાકારક રહેશે. બપોરે દાનમાં ખર્ચ કરવામાં આવશે. કોઈ કારણોસર ઘરનું વાતાવરણ ખરાબ રહેશે પરંતુ તમે તમારી સારી વર્તણૂકથી વાતાવરણને સામાન્ય બનાવી શકશો.

સિંહઃ આજનો દિવસ મિશ્રિત રહેશે. કાર્યસ્થળના કર્મી અથવા કોઈ સંબંધીના કારણે તણાવ વધી શકે છે. પૈસાના વ્યવહારમાં સાવચેત રહો, પૈસા ક્યાંક અટવાઈ શકે છે.

કન્યાઃ ધંધામાં યોગ્ય સમયે લેવાયેલા નિર્ણયો લાભકારક સાબિત થશે અને અટકેલા કામ પૂરા થશે. વાણી પર નિયંત્રણ રાખવામાં નિષ્ફળતા તમને પ્રતિકૂળ પરિસ્થિતિઓ તરફ દોરી શકે છે.

તુલાઃ વ્યાવસાયિક સહયોગીઓ તમારી સલાહનો લાભ લેશે અને લાભ મેળવશે. વ્યાવસાયિક યાત્રાઓ લાભકારક રહેશે. પરિવારના સભ્યો સાથેનો સમય આનંદદાયક રહેશે અને બપોર સુધી આનંદના સમાચાર પણ મળશે, જે મનનો ભાર હળવો કરશે.

વૃશ્ચિકઃ આજે કાર્યમાં તમારી ઉતાવળથી તમને લાભ થશે અને તમે સર્જનાત્મક કાર્ય તરફ પણ ઝુકાવશો. શિક્ષણ અને સ્પર્ધા ક્ષેત્રે વિદ્યાર્થીઓ માટે વિશેષ સિદ્ધિઓ પ્રાપ્ત થઈ રહી છે.

ધનઃ પિતા અને ઉચ્ચ અધિકારીઓના આશીર્વાદથી કોઈપણ સંપત્તિ પ્રાપ્ત કરવાની ઈચ્છા પૂર્ણ થશે. તમારા જીવન સાથીના ટેકાથી તમે તમારા બધા લક્ષ્યો પૂર્ણ કરી શકશો. રાજકીય ધન મળવાની સંભાવના પણ છે.

મકરઃ રાજકીય ક્ષેત્રે કાર્યરત લોકોને સફળતા મળશે. ઘરના વડીલોના આશીર્વાદ તમને પ્રેરણા આપશે. સ્પર્ધાના ક્ષેત્રે આગળ વધશો અને અટકેલા કાર્ય પણ પૂર્ણ થશે. બાળકો પ્રત્યેની જવાબદારી પૂરી થશે.

કુંભઃ બિનજરૂરી વ્યાવસાયિક ખર્ચ પર નિયંત્રણ રાખવાની જરૂર રહેશે. જીવનસાથીના સહયોગથી મુશ્કેલીઓમાંથી મુક્તિ મળશે. સંબંધીઓ તરફથી ખુશી અને પારિવારિક કાર્યમાં ખુશી મળશે.

મીનઃ સરકારી ક્ષેત્ર સાથે સંકળાયેલા ઉદ્યોગપતિઓને લાભ મળશે અને યોજનાઓને પણ વેગ મેળવશે. ઉતાવળ અને ભાવનાત્મકતામાં કાર્યસ્થળ સંબંધિત કોઈ નિર્ણય ના લો, નહીં તો પછીથી મુશ્કેલી આવી શકે છે.

# મણિપુરમાં ફરી ભડકી હિંસા : ૪૦૦ લોકોની બેકાબૂ ભીડે એસપી ડીસી ઓફિસમાં વાહનો ફૂંકી માર્યા, તોડફોડ કરી; ૨નાં મોત

ઈમ્ફાલ,

મણિપુરના કુકી-જો જનજાતિનું પ્રભુત્વ ધરાવતા ચુરાચાંદપુર જિલ્લામાં એસપી ઓફિસ પર ગુરુવારે મોડી રાત્રે (૧૫ ફેબ્રુઆરી) રાત્રે હુમલો કરવામાં આવ્યો હતો. મણિપુર પોલીસના જણાવ્યા અનુસાર, ૩00 થી ૪00 લોકોના ટોળાએ એસપી સીસીપી ઓફિસ પર પથ્થરમારો કર્યો અને તેને આગ લગાવી દીધી. આરએએફ અને એસએફએ ભીડને કાબૂમાં લેવા માટે ટીયર ગેસના શેલ છોડ્યા હતા. સ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે.

પોલીસે જણાવ્યું કે ચુરાચાંદપુર એસપીએ હેડ કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરી દીધા હતા, જેના વિરોધમાં આ હુમલો કરવામાં આવ્યો હતો. તેમજ, આ હુમલાને નજરેજાનારનું કહેવું છે કે આ ઘટનામાં ૨ પ્રદર્શનકારીઓના મોત થયા છે અને લગભગ ૨૫ લોકો ઘાયલ થયા છે. પોલીસ



અધિકારીએ જણાવ્યું કે ૧૪ ફેબ્રુઆરીએ એક વીડિયો સામે આવ્યો હતો. જેમાં સિયામલાલપોલ નામનો હેડ કોન્સ્ટેબલ હથિયારધારી લોકો સાથે જોવા મળ્યો હતો. તે શિસ્તબદ્ધ પોલીસ દળના સભ્ય હોવાને કારણે સિયામલપોલની આ કાર્યવાહી ખૂબ જ ગંભીર છે. ચુરાચાંદપુરના એસપી શિવાનંદ સુર્વેએ હેડ કોન્સ્ટેબલ વિરુદ્ધ કાર્યવાહી કરી અને આગામી આદેશ સુધી તેને સસ્પેન્ડ કરી દીધો. તેની સામે વિભાગીય તપાસ પણ થઈ શકે છે.

મણિપુરના ઈમ્ફાલ ઈસ્ટમાં મંગળવારે ફરી હિંસા ફાટી નીકળી હતી. ફાયરિંગમાં એક વ્યક્તિનું મોત થયું હતું અને ૩ લોકો ઘાયલ થયા હતા. તોફાનીઓએ પેંગેઈમાં પોલીસ ટ્રેનિંગ સેન્ટર પર હુમલો કર્યો અને હથિયારો લૂંટવાનો પ્રયાસ કર્યો હતો. આ સિવાય તેજપુર વિસ્તારમાં ઈન્ડિયા રિઝર્વ બટાલિયનની પોસ્ટ પર પણ હુમલો કરવામાં આવ્યો હતો. અહીં ૬ એકે-૪૭, ૪ કાર્બાઈન, ૩ રાઈફલ, ૨ એલએમજી અને કેટલાક ઓટોમેટિક હથિયારો પણ લૂંટાયા હતા. ફાયરિંગ, હુમલા અને હથિયારોની લૂંટના વીડિયો પણ સામે આવ્યા છે.

હિંસાના ડ્રોન ફૂટેજ સામે આવ્યા છે. જેમાં પહાડી પર હાજર લોકો તેમના ઘાયલ અને મૃત સાથીઓને લઈને જતા જોવા મળે છે. હિંસામાં મૃત્યુ પામેલા વ્યક્તિની ઓળખ ૨૫ વર્ષીય સગોલસેમ લોયા તરીકે થઈ છે. પોલીસે જણાવ્યું કે ઘાયલોમાં એકને પગમાં અને બીજાને ખભામાં ગોળી વાગી હતી. જોકે તેઓ જોખમની બહાર છે. હજુ સુધી એ સ્પષ્ટ નથી થયું કે ઘાયલ લોકો મૈતેઈ સમુદાયના છે કે કુકી.

જ્યારે શાંતિપુર ઈરીલ નદી પાસે ફાયરિંગ શરૂ થયું ત્યારે કેટલાક બાળકો ત્યાં ફૂટબોલ રમતા હતા. હથિયારબંધ લોકોએ તેમના પર પણ ગોળીબાર કર્યો હતો. ગભરાયેલા બાળકો પોતાનો જીવ બચાવવા ઝાડીઓમાં છુપાઈ ગયા હતા. આ દરમિયાન તેઓને ઈજા થઈ હતી. બાળકોનો એક વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં તેમના પગમાં ઘા દેખાય છે. બાળકો રડે છે અને નજીકમાં ગોળીબાર સંભળાય છે. ખરેખરમાં, ઈમ્ફાલ ઈસ્ટના ખામેનલોકમાં જ્યાં આ ઘટના બની તે મૈતેઈ પ્રભુત્વ ધરાવતો વિસ્તાર છે. નજીકમાં કાંગપોકપી વિસ્તાર છે, જે કુકી પ્રભુત્વ ધરાવતો વિસ્તાર છે. અગાઉ પણ બે જૂથો વચ્ચે હિંસા થઈ છે.

૧૭ જાન્યુઆરીએ મણિપુરના થોબલ જિલ્લામાં પોલીસ હેડક્વાર્ટર પર તોફાનીઓએ હુમલો કર્યો હતો. બેકાબૂ ટોળાએ કરેલા ગોળીબારમાં ત્રણ જવાનો ઘાયલ થયા હતા. પોલીસના જણાવ્યા અનુસાર ટોળાએ પહેલા હેડક્વાર્ટરમાં ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો. જ્યારે પોલીસે તેમને રોકવા માટે બળપ્રયોગ કર્યો તો કેટલાક તોફાનીઓએ ભીડમાંથી ગોળીબાર કર્યો હતો.

આ હુમલામાં ઘાયલ જવાનોની ઓળખ કોન્સ્ટેબલ ગૌરવ કુમાર, એએસઆઈ સોબરામ સિંહ અને એએસઆઈ રામજી તરીકે થઈ છે. ઘટના બાદ જિલ્લા પ્રશાસને થૌબલમાં કર્ફ્યુ લાદી દીધો હતો. જો કે, આરોગ્ય, મીડિયા સહિતની આવશ્યક સેવાઓ સાથે સંકળાયેલા લોકોને અને કોર્ટના કામ સાથે સંકળાયેલા લોકો સહિત એરપોર્ટ પર જતા લોકોને કર્ફ્યુમાંથી મુક્તિ આપવામાં આવી હતી.૩ મે, ૨૦૨૩થી રાજ્યમાં કુકી અને મૈતેઈ વચ્ચે ચાલી રહેલી જાતિ હિંસામાં ૨૦૦થી વધુ લોકોના મોત થયા છે. જ્યારે ૧૧૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૬૫ હજારથી વધુ લોકો પોતાનું ઘર છોડી ચુક્યા છે. ૬ હજાર કેસ નોંધાયા છે અને ૧૪૪ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

# દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર


## દાહોદ જીલ્લામાં પીએમ કિસાન યોજનાના ૩૨,૧૮૩ લાભાર્થી ખેડૂતોના ઈ-કેવાયસી હજુ બાકી

દાહોદ, કેન્દ્ર સરકાર દ્વારા પીએમ કિસાન યોજના હેઠળ ૧૫ મા હપ્તાથી ઈ–કેવાયસી ફરજીયાત કરવામાં આવ્યું છે. આ યોજના હેઠળ જે લાભાર્થીઓને અગાઉ હપ્તા મળેલ ન હોય તેવા બધા હપ્તા અને આગામી ૧૬ મો હપ્તો મેળવવા માટે દાહોદ જીલ્લાના બાકી તમામ ૩૨,૧૮૩ ખેડૂતોનું ઈ–કેવાયસી ફરજીયાત કરાવવાનું રહેશે. જે ખેડૂત લાભાર્થીઓને ઈ–કેવાયસી કરાવવાનું બાકી છે તેઓ માટે સરકાર દ્વારા તા. ૧૬–૦૨–૨૦૨૪ થી તા.૨૨–૦૨–૨૦૨૪ સુધી સાત દિવસ કોમન સર્વિસ સેન્ટર મારફતે રાષ્ટ્રવ્યાપી ઈ–કેવાયસી માટેની ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જીલ્લા ખેતીવાડી અધિકારીએ જણાવ્યું છે કે દાહોદ જીલ્લામાં ઝાલોદ તાલુકામાં ૭૦૬૬, દાહોદમાં ૬૫૭૭, ફતેપુરા ૪૬૯૮, દે. બારીયામાં ૩૫૧૭, ગરબાડામાં ૨૯૫૪, લીમખેડામાં ૨૬૧૯, ધાનપુરમાં ૨૨૨૫, સીંગવડમાં ૧૪૬૨ અને સંજેલી તાલુકામાં ૧૦૬૫ સહિત કુલ ૩૨,૧૮૩ ખેડૂતોના ઈ–કેવાયસી કરવાના બાકી છે. લાભાર્થીઓએ ગ્રામ્ય કક્ષાએ/ નજીકના કોમન સર્વિસ સેન્ટર ખાતે ઉપસ્થિત રહી બાયોમેટ્રિક ઓથેંટીફીકેશન દ્વારા ઈ–કેવાયસી કરાવી લેવાનું રહેશે. આ ઉપરાંત, અન્ય પદ્ધતિઓ જેમાં ગ્રામ્ય કક્ષાએ ગ્રામસેવક, તાલુકા કક્ષાએ વિસ્તરણ અધિકારી તેમજ જીલ્લા કક્ષાએ જીલ્લા ખેતીવાડી અધિકારીની કચેરીએ રૂબરૂ ઉપસ્થિત રહીને ફેસ ઓથન્ટીફીકેશન કરી ઈ–કેવાયસી કરાવવાનું રહેશે. પીએમ કિસાન યોજનાના લાભાર્થી દ્વારા પીએમ કિસાન એપ્લીકેશન પોતાના સ્માર્ટ ફોનમાં ડાઉનલોડ કરીને બીજા લાભાર્થીઓનું ફેસ ઓથન્ટીફીકેશન દ્વારા ઈ–કેવાયસી કરી શકાશે તેમજ લાભાર્થીના આધારકાર્ડમાં જે મોબાઈલ નંબર રજીસ્ટ્રડ હશે તેના પર OTP દ્વારા પણ ઈ–કેવાયસી કરી શકાશે.

જે લાભર્થીઓના આધાર સિડિંગ બાકી હોય તેમજ લેંડ સીડીંગ બાકી હોય તેમણે અનુક્રમે આધાર સિડિંગ માટે જે બેંકમા ખાતુ હોય તે બેંકમાં જઈ આધાર સિડિંગ કરાવી લેવુ તેમજ લેંડ સિડિંગ માટે જીલ્લા કક્ષાએ ૮–અ ની લેટેસ્ટ નકલ તેમજ આધાર કાર્ડ જમા કરાવવા જેથી આગળનો હપ્તો મળી શકે એમ જીલ્લા ખેતીવાડી અધિકારીએ જણાવ્યું છે.

## દાહોદ જીલ્લા તલાટી કમ મંત્રી મંડળ દ્વારા કર્મચારીઓના પડતર પ્રશ્નોનું હકારાત્મક નિવારણ લાવવા મુખ્યમંત્રીને આવેદનપત્ર અપાયું



ફતેપુરા, ગુજરાત રાજયના તમામ કર્મચારીઓને જૂની પેન્શન યોજનામાં સમાવવા તેમજ રાજયના ફિક્સ પગારની મૂળ અસરથી દૂર કરી પૂરા પગારમાં ભરતી કરવા સહિતના પડતર પ્રશ્નો સંદર્ભે સરકાર સમક્ષ અનેક રજૂઆતો કરવામાં આવી હતી. તેના અનુસંધાને તારીખ ૧૬/૯/૨૦૨૨ ના પાંચ મંત્રીઓની સમિતિ સાથે બેઠક કરવામાં આવી હતી. જેમાં કેટલાક પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં આવ્યું હતું. તે પૈકી પણ અમુક પ્રશ્નોનો આજ દિન સુધી ઉકેલ થયેલ નહિ હોઈ ગુજરાત રાજય કર્મચારી મહામંડળના તારીખ ૫/૨/૨૦૧૯ ના પત્રથી આંદોલન કાર્યક્રમ ચાલી રહેલ છે. તેના અનુસંધાને દાહોદ જીલ્લા તલાટી કમ મંત્રી મંડળના સભ્યો દ્વારા પડતર માંગણી ઓથી વંચિત રહેતા ગતરોજ જીલ્લા તલાટી કમ મંત્રી મંડળના સભ્યો દ્વારા કાળી રીબીન ધારણ કરી દાહોદ કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જ્યારે આજરોજ કાળા કપડા ધારણ કરી ફતેપુરા તાલુકા પંચાયત કચેરી ખાતે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

દાહોદ જીલ્લા કલેકટર સહિત મુખ્યમંત્રી ગુજરાત સરકારને આવેદનપત્ર આપતા દાહોદ જીલ્લા તલાટી કમ મંત્રી મંડળ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, સમગ્ર રાજયમાં તમામ કર્મચારીઓને જૂની પેન્શન યોજના પુનઃ શરૂ કરવી,તેમજ ફિક્સ પગાર યોજના(જ્ઞાન સહાયક, કરાર આધારિત)મૂળ અસરથી દૂર કરવી,સરકાર સાથે થયેલ સમાધાન પરંતુ બાકી રહેલ પ્રશ્નોનું નિરાકરણ સત્વરે કરવું,તેમજ તારીખ ૧/૪ /૨૦૦૫ પહેલા ભરતી થયેલ કર્મચારીઓને જી.પી.એફ અને જૂની પેન્શન યોજનાનો લાભ આપવો, કેન્દ્રના ધોરણે સાતમા પગાર પંચના બાકી બધા ચાર્જ એલાઉન્સ, વતન પ્રવાસ વિગેરે આપવા, કેન્દ્રના ધોરણે મોંઘવારી ભથ્થું ૨૫ ટકા થાય ત્યારે ઘર ભાડા ભથ્થું ૯, ૧૮,૨૭ટકા તેમજ મોંઘવારી ભથ્થું ૫૦ ટકા થાય ત્યારે ઘર ભાડા ભથ્થું ૧૦, ૨૦,૩૦ ટકા ના દરે આપવું જેવી આવેદનપત્રમાં માંગ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

વધુમાં જાણવા મળતી વિગતો મુજબ ગુજરાત રાજય તલાટી મહામંડળ તથા અન્ય કર્મચારી મંડળો દ્વારા હાલમાં જાહેર કરેલા આંદોલનાત્મક કાર્યક્રમમાં સંપૂર્ણપણે નિષ્ઠાથી મહાસંઘની મહાશક્તિ બતાવી કર્મચારી એકતા પુરવાર કરવા આદેશ કરવામાં આવેલ છે અને આ આદેશોનું સંપૂર્ણપણે પાલન કરવા પણ જણાવાયું છે. તેમજ આ આંદોલનના ભાગરૂપે ૧૪ ફેબ્રુઆરીના રોજ કાળી પટ્ટી ધારણ કરવી,૧૫ ફેબ્રુઆરી કાળી પટ્ટી ધારણ કરવી અને જીલ્લાના વડાને આવેદનપત્ર આપવું. ૧૬ ફેબ્રુઆરી કાળા કપડા ધારણ કરી ફરજ બજાવવી, જ્યારે ૨૩ ફેબ્રુઆરી–૨૦૨૪ ના રોજ રાજ્ય લેવલે ધારણા કરવા આંદોલનાત્મક કાર્યક્રમ રાખવાનું પણ આયોજન કરવામાં આવેલ હોવાનું જાણવા મળે છે.


## દાહોદ પોસ્ટ ઓફિસ ખાતે ગ્રામીણ અશિક્ષિત મહિલાઓ ખાતું ખોલાવવા પડાપડી લાંબા લાઈનો લાગી



દાહોદ, દાહોદ શહેરમાં આવેલ પોસ્ટ ઓફિસ ખાતે આસપાસની ગ્રામીણ અશિક્ષિત મહિલાઓ દ્વારા પોસ્ટ ઓફિસમાં ખાતુ ખોલાવવામાં માટે પડાપડી થઈ રહી છે. સવારથી સાંજ સુધી પોસ્ટ ઓફિસની અંદરથી લઈ બહાર સુધી લાંબી લાઈનો જોવા મળી રહી છે. ત્યારે જાણવા મળ્યાં અનુસાર, પોસ્ટ ઓફિસમાં ખાતુ ખોલાવવા આવતી અશિક્ષિત મહિલાઓને સરકારી લાભો મળશે તેવી વાતો સાથે ખાતુ ખોલવવા માટે લાંબી લાઈનો જોવા મળી રહી છે. ત્યારે બીજી તરફ આ મામલે કોઈ પ્રકારની કોઈ અધિકારી અથવા તો સત્તાધિશો દ્વારા કોઈ ચોખવટ કરવામાં આવી ન હોવાનું પણ જાણવા મળી રહ્યું છે.

દાહોદ જીલ્લો આદિવાસી બાહુલ્ય ધરાવતો જીલ્લો છે, તેમાંય દાહોદ ટ્રાયબલ વિસ્તારમાં સરકાર દ્વારા લાખ્ખો, કરોડોની ગ્રાન્ટો વિકાસના નામે ઠેલવાવમાં પણ આવી છે. ત્યારે બીજી તરફ સરકારી યોજનાઓના લાભોથી પણ દાહોદ જીલ્લાના આદિવાસી ભાઈ, બહેનો અજાણ હોવાનું જોવાય રહ્યું છે. દાહોદ શહેરની મુખ્ય પોસ્ટ ઓફિસની બહાર છેલ્લા કેટલાંય દિવસોથી અશિક્ષિત મહિલાઓની પોસ્ટ ઓફિસમાં ખાતુ ખોલવવા માટે લાંબી કતારો જોવા મળી રહી છે. ખાતુ ખોલવવા આવેલ અશિક્ષિત મહિલાઓના જણાવ્યાં અનુસાર, પોત પોતાના ફળિયા, વિસ્તારની મહિલાઓ પોસ્ટ ઓફિસમાં ખાતુ ખોલવવા આવતી હોવાથી પોતે પણ ખાતુ ખોલવવા આવી રહી છે. સરકાર દ્વારા યોજનાના નાણાં ખાતામાં જમા થશે અને પોતાને સરકારી લાભો મળશે તેવા હેતુસર પોસ્ટ ઓફિસમાં ખાતુ ખોલવવા આવી રહી છે પરંતુ આ સમગ્ર મામલે અત્યાર સુધી આ મામલે કોઈ અધિકારી, સત્તાધિશ કે અથવા કોઈ રાજકીય પક્ષ દ્વારા આ મામલે કોઈ ખુલાસો કરવામાં આવ્યો છે. ત્યારે એક રાજકીય આગેવાન દ્વારા જણાવાયાં અનુસાર, આવી અશિક્ષિત મહિલાઓને ખોટી રીતે ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યું છે. સરકારના અધિકારીઓ તેમજ સત્તાધિશો દ્વારા આવી અશિક્ષિત મહિલાઓને સરકારના લાભો માટે યોગ્ય માર્ગદર્શન આપવામાં આવે તે જરૂરી છે. કારણ કે, આવી અશિક્ષિત મહિલાઓ સવારથી સાંજ સુધી ભુખ્યા, તરસ્યા લાંબી કતારોમાં પોસ્ટ ઓફિસમાં ખાતા ખોલવવા માટે ઉભા રહે છે. આ મામલે પોસ્ટ ઓફિસના કર્મચારીઓને પણ પુછવામાં આવતા તેઓને પણ ખબર નથી કે આ મહિલાઓ શા માટે આવી રહી છે. અશિક્ષિત મહિલાઓને એ પણ ખબર નથી કે કંઈ યોજનાઓનું ખાતુ ખોલાવવાનું છે, ક્યાં હેતુસર ખાતુ ખોલાવવાનું છે, કેમ ખાતુ ખાતુ ખોલાવવાનું છે, તે પણ મહિલાઓને ખબર નથી અને પોસ્ટ ઓફિસ ખાતે અશિક્ષિત મહિલાઓ પોસ્ટ ઓફિસમાં ખાતા ખોલવવા માટે પડાપડી કરી રહી છે. પોસ્ટ ઓફિસમાં ખાતુ ખોલવવા આવતી અશિક્ષિત મહિલાઓના જણાવ્યાં અનુસાર, સરકારના લાભોના પૈસા મળશે તેવી વાતો સાથે પોસ્ટ ઓફિસમાં ખાતુ ખોલાવવા આવી રહ્યાં છે ત્યારે પોલીસ તંત્રથી લઈ અને ખાસ કરીને સરકારી અધિકારીઓ દ્વારા આવી અશિક્ષિત મહિલાઓને સરકારની યોજનાઓનું સુવ્યવસ્થિત માર્ગદર્શન આપવામાં આવે તે અત્યંત આવશ્યક છે.

## દાહોદ સોનીભર માધ્યમિક શાળામાં યોજેલ પ્રદર્શનમાં હસ્તકલાની કૃતિઓએ આકર્ષણ જમાવ્યું



દાહોદ, વિદ્યાર્થીઓની સુષુપ્ત શકિત ખીલે તથા સમાજલક્ષી પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓ રસ લેતા થાય તેવા ઉમદા હેતુથી દાહોદની એક શાળામાં છેલ્લા પાંચ માસની મહેનતે અભૂતપૂર્વ રંગ લાવે તેવું એક સુંદર સ્વ નિર્મિત આર્ટ અને ક્રાફ્ટ પ્રદર્શન યોજી હતી. સૌનું મન મોહી લે તેવી હસ્તકલાની એક–એક કૃતિઓએ ભારે આકર્ષણ જણાવ્યું હતું. શહેરની સોનીભર માધ્યમિક શાળા દ્વારા આયોજીત આ પ્રદર્શનમાં શાળાના શિક્ષકો સહયોગી ભાઈઓ સહિત સૌ કોઈએ ખંતપૂર્વક મહેનત કરી હતી. તો આ શાળામાં વાલીઓ પણ પાછા રહ્યા ન હતા

આ હસ્તકલા પ્રદર્શનમાં જાણીતી અને ઓછી જાણીતી હસ્તકલાઓ હાર્ટ અને ક્રાફ્ટ પૈકી વરલી આર્ટ ગ્લાસ પેઈન્ટિંગ સ્ટોન આર્ટ રેઝિન આર્ટ ચાર્ટ મોઝાઈક આર્ટ ભરતકામ સોપી આઈટમ ઈલેક્ટ્રીક ઓફિસ ન્યૂઝ પેપર કોલેજ છાપકામ વર્ગ પેન્સિલ શેડિંગ વર્ક મોત કામ તથા મેજીક આર્ટ જેવી વિવિધ કલા અને હસ્તકલાના વૈવિધ્યપૂર્ણ નમુનાઓ રજૂ કરાયા હતા. વિદ્યાર્થીઓમાં રહેલી કલાશુજમાં નીકાળ આવે તેની કલ્પના શક્તિ સર્જનાત્મક શકિત અને રચનાત્મકતાને વેગ મળે તેનું કોન્સન્ટ્રેશન એક તરફ વધે એટલું જ નહીં કલા અને કળા દ્વારા પોતાના સુષુપ્ત ભાવોને પ્રદર્શિત કરી શકે સંઘ ભાવના ખેલાએ તેવા ઉચ્ચ આદર્શો સાથે આ પ્રદર્શનને સૌ વાલીઓ વિદ્યાર્થીઓ અને શહેરીજનોએ ઊંડાણપૂર્વક નિહાળ્યું હતું અને મોટી સંખ્યામાં સહરાના મેળવી હતી. માત્ર પુસ્તકલક્ષી શિક્ષણને બદલે સાચા અર્થમાં કેળવણી અને સામાજીક ઉત્તરદાયિત્વ તરફ વિદ્યાર્થીઓ પ્રેરાય સાથે સાથે આવી કલા અને કળા દ્વારા પોતાની કારકિર્દી બનાવી વ્યવસાયિક દ્વારા ધોરણ પણ અપનાવી આર્થિક ઉદ્ધાર પણ કરી શકે તેવા પ્રેરણા લક્ષી પ્રદર્શનને ઠેર ઠેરથી આવકાર મળ્યો હતો દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત પ્રાથમિક શાળાને કેળવણી માટે તેમજ વૈવિધ્યતા પૂર્ણ ઈત્તર પ્રવૃત્તિઓ માટે ખૂબ પ્રસિદ્ધ પ્રાપ્ત થાય છે. ત્યારે આવા પ્રદર્શન જોવા માટે લોકોને શાળા પરિવારે વધુમાં વધુ નિમંત્ર્યા છે. તારીખ તારીખ ૧૬ અને ૧૭મી ફેબ્રુઆરી દરમિયાન સવારે ૦૯:૦૦ થી સાંજના ૫–૦૦ કલાક સુધી આ પ્રદર્શનની લોકો માટે ખુલ્લી મુકવામાં આવી છે.

## દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના કાળાખુટ ગામની મુખ્ય પ્રાથમિક શાળામાં મધ્યાન ભોજન સંચાલકની નિમણૂંક બાદથી સતત ગેરહાજર

ગરબાડા, પ્રાપ્ત વિગતો અનુસાર દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના કાળાખુટ ગામની મુખ્ય પ્રાથમિક શાળામાં નિશાબેન સી ડામોરની નિમણૂક થયેલ હતી. પરંતુ નિમણૂંક બાદથી જ તેઓ બહારગામ રહેતા હોવાથી ફરજ પર આવતા ન હોય તેમ જ તેમની જગ્યાએ મંજુલાબેન સુનિલભાઈ નીનામા કામ કરતા હોય જે બાબતે ઘટતી કાર્યવાહી કરવા માટે ગામના મુકેશભાઈ પસવાભાઈ નીનામા દ્વારા તારીખ ૨૫–૨–૨૦૨૦ના રોજ નાયબ કલેકટર મધ્યાન ભોજનને લેખિત રજૂઆત કરવામાં આવી હતી. તેમ છતાં પણ પરિસ્થિતિ યથાવત રહેતા મુકેશભાઈ દ્વારા આ બાબતે ફરીવાર તારીખ ૧૫ના રોજ નાયબ કલેકટર મધ્યાન ભોજન દાહોદ તેમજ ધાનપુર મામલતદારને આ બાબતે લેખિત રજૂઆત કરી છે. ઉલ્લેખનીય છે કે, આટલા લાંબા સમયથી અન્ય વ્યક્તિ મધ્યાન ભોજન સંચાલક તરીકે ફરજ બજાવતી હોય તો શાળાના આચાર્ય દ્વારા કેમ આ બાબતે ધ્યાન આપવામાં આવ્યું નહીં તેમજ અગાઉની રજૂઆત પર પણ કયા કારણોસર ધ્યાન આપવામાં આવ્યું નથી. જે બાબત તપાસનો વિષય બની છે, જે બાબતે શાળા ના મુખ્ય આચાર્ય સાથે વાત કરતા તેઓએ આવું કશું નહીં હોવાનું જણાવ્યું હતું. જ્યારે ઈન્ચાર્જ આચાર્યએ આ વાત સ્વીકારી હતી હાલમાં ફરજ બજાવનાર વ્યકિત બાળકોને આપવામાં આવતી ભોજન સામગ્રી શાળાના બદલે પોતાના ઘરે જ રાખતા હોવાનું પણ રજૂઆતમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

## ગરબાડા તાલુકા તલાટી મંડળનુ પડતર પ્રશ્નો મામલે કાળા કપડા પહેરીને વિરોધ પ્રદર્શન



ગરબાડા, ગરબાડા તાલુકા તલાટી મંડળ દ્વારા તલાટી મંડળના પડતા પ્રશ્નોને લઈને દાહોદ જિલ્લા તલાટી મંડળના ઉપપ્રમુખ પારસીગભાઈ હઠીલાંની અધ્યક્ષતામાં ગરબાડા ખાતે કાળા કપડા પહેરીને વિરોધ પ્રદર્શન કર્યું હતું. જેમાં ગુજરાત રાજ્ય સંયુક્ત કર્મચારી મોરચા દ્વારા તેઓના તારીખ ૫ ફેબ્રુઆરી તથા આખા ગુજરાત રાજ્યમાં કર્મચારી મહામંડળ ગુજરાત રાજ્ય પંચાયત કર્મચારી મહાસંઘ ગાંધીનગરના તારીખ ૧૨ ફેબ્રુઆરીના પત્રથી સમગ્ર રાજ્યના તમામ કર્મચારીઓ જૂની પેન્શન યોજનામાં સમાવવા તથા ફિક્સ પગારની યોજના દૂર કરવા તેમજ સરકાર સાથે થયેલા સમાધાન મુજબના પ્રશ્નોનું નિરાકરણ ન મળતા આંદોલનાત્મક કાર્યક્રમો જાહેર કર્યા છે. જેને લઈને ગુજરાત રાજ્ય તલાટી મંત્રી મંડળ પણ આ આંદોલાનાત્મક કાર્યક્રમોને ટેકો જાહેર કરી અને વિરોધ પ્રદર્શન કરી રહ્યું છે. ત્યારે આજે ગરબાડા તાલુકા તલાટી મંડળ તેમજ દાહોદ જિલ્લા તલાટી મંડળના ઉપપ્રમુખ પારસીગભાઈ હઠીલાની ઉપસ્થિતિમાં તમામ કર્મચારીઓ કાળા કપડા પહેરીને સરકાર સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું.

## ગરબાડામાં બસ સ્ટેન્ડની સુવિધાના અભાવે સવા મહિના પહેલા ચાલુ થયેલ લાંબા રૂટની બે બસો બંધ કરાઈ



ગરબાડા, એસટી નિગમને રાજ્યમાં સૌથી વધુ ઈન્કમ દાહોદ જિલ્લામાં મળતી હોવાની વાતને નકારી શકાય તેમ નથી અને તેમાં પણ ગરબાડા તાલુકા માંથી સૌથી વધુ મુસાફરો મળતા હોય છે, તેમ છતાં પણ સૌથી વધુ આવક આપતી ગરબાડા તાલુકાની પ્રજાને આજે વર્ષોથી બસ સ્ટેન્ડની સુવિધાથી વંચિત રાખવામાં આવ્યા છે. ભાડાની વસુલાત પૂરી કરવામાં આવે છે, પરંતુ સુવિધા આપવામાં આંખ આડા કાન કરાય છે. ગરબાડામાં અંદાજિત સવા મહિના પહેલા જામજોધપુર અને જામ ખંભાળિયા એમ બે નવીન એક્સપ્રેસ કાઠીયાવાડની બસો ચાલુ કરવામાં આવી હતી. જે બંને બસો સવારમાં ગરબાડા આવી જતી હતી અને સાંજના પરત રીટર્ન થતી હતી, પરંતુ સ્થાનિકકક્ષાએ તાલુકા મથકના ગામમાં બસ સ્ટેન્ડની સુવિધા ન હોવાના કારણે ડ્રાઈવર–કંડકટરને રહેવા તેમજ સુવા માટેની અગવડતા પડતી હોય કેસનું જોખમ લઈને ગમે ત્યાં સૂવું પડતું હોય તેમજ ૬૦૦ દુ ની ૧૨૦૦ કિલોમીટરના રૂટની ત્રણ દિવસની નોકરી બસના ચાલત પાસે માત્ર બે દિવસમાં કરાતી હોવાના કારણે બંને બસો તારીખ ૧૫ થી બંધ કરી દેવામાં આવી છે. જે બંને બસોને વિપુલ પ્રમાણમાં મુસાફરો મળી રહેતા હતા. ઉલ્લેખનીય છે કે, નેતાઓ દ્વારા માત્ર મોટા મોટા વાયદાઓ કરવામાં આવે છે.પરંતુ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવતી નથી, તે કડવું સત્ય છે. જે જોતા વિકાસની વાતો હવા થઈ હોવાનું જોવા મળી રહ્યું છે. આ બંને બસોની નોકરી બે દિવસના બદલે ત્રણ દિવસની કરાઈ અને ફરીથી રાબેતા મુજબ આ બસો ચાલુ કરાવાય તેવી પ્રજાજનોની લાગણી અને માંગણી છે.

## ગરબાડામાં બસ સ્ટેશન સુવિધા અભાવે લાંબા રૂટની શરૂ કરાયેલ બંધ કરતાં મુસાફરોને હાલાકી

દાહોદ, દાહોદ જીલ્લાના ગરબાડા નગરમાં બસ સ્ટેન્ડની સુવિધાના અભાવે સવા મહિના પહેલા ચાલુ થયેલ લાંબા રૂટની બે બસો બંધ કરવામાં આવતાં મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. જામજોધપુર અને જામખંભાળીયા બંન્ને બસોના ચાલકો પાસે ત્રણ દિવસની નોકરી બે દિવસમાં કરાવાતી હતી. ૧૨૦૦ કિ.મી.નું અંતર અને ત્યાર બાદ રહેવા, સુવાની કોઈ સુવિધા ન હોવાનું જાણવા મળી રહ્યું છે.

એસ.ટી. નિમગને રાજ્યમાં સૌથી વધુ કમાણી દાહોદ જીલ્લામાંથી મળતી હોવાની વાતને નકારી શકાતી નથી. અને તેમાં પણ ગરબાડા તાલુકામાંથી સૌથી વધારે મુસાફરો હોય છે. તેમ છતાં પણ સૌથી વધુ આવક આપતી ગરબાડા તાલુકાની પ્રજાને આજે વર્ષોથી બસ સ્ટેન્ડની સુવિધાથી મુસાફરોને વંચિત રાખવામાં આવી રહ્યાં છે. ભાડાની વસુલાત કરવામાં આવે છે,પરંતુ સુવિધા આપવામાં આંખ આડા કાન કરવામાં આવી રહ્યાં છે. ગરબાડામાં અંદાજે સવા મહિના પહેલા જામજોધપુર અને જામખંભાળીયા એમ બે નવીન એક્સપ્રેસ કાઠીયાવાડની બસો ચાલુ કરવામાં આવી હતી. જે બંન્ને બસો સવારમાં ગરબાડામાં આવી જતી હતી અને સાંજના પરત રિટર્ન થતી હતી. પરંતુ સ્થાનીક કક્ષાએ તાલુકા મથકના ગામમાં બસ સ્ટેન્ડની સુવિધા ન હોવાને કારણે ડ્રાઈવર, કંડક્ટરને રહેવા તેમજ સુવા માટેની અગવડતા પડતી હોય કેસનું જોખમ લઈને ત્યાં સુવુ પડતું હોય ૬૦૦થી ૧૨૦૦ કિલોમીટરના રૂટની ત્રણ દિવસની નોકરી બસના ચાલક પાસે માત્ર બે દિવસમાં કરાતી હોવાના કારણે બંન્ને બસો તારીખ ૧૫થી બંધ કરી દેવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજકીય પક્ષો દ્વારા માત્ર મોટા મોટા વાયદાઓ કરવામાં આવે છે. પરંતુ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવતી નથી. તે કડવું સત્ય છે. વિકાસની વાતો હવા થઈ હોવાનું જોવા મળી રહ્યું છે.

## સંજેલી તાલુકાના ઈટાડીમાં રોંગ સાઈડમાં આવતી બાઈકની ટક્કરે એકનું ઘટના સ્થળે તેમજ અન્યનું સારવાર દરમિયાન મોત



દાહોદ જીલ્લાના સંજેલી તાલુકાના ઈટાડી ગામે રોંગ સાઈડમાં આવતા બાઈક ચાલકે ટક્કર મારતાં બાઈક પાછળ બેસેલ યુવક પટકાતા માથામાં ગંભીર ઈજા થતાં મોત નિપજ્યું હતું. જ્યારે બન્ને બાઈકોના ચાલકોને ઈજા થઈ હતી. આ સંદર્ભે અજાણ્યા બાઈક ચાલક સામે સંજેલી પોલીસે ગુનો દાખલ કર્યો હતો.

સંજેલી તાલુકાના મોલી ગામના નળ ફળિયામાં રહેતા સૂર્યકાંતભાઈ કાંતીભાઈ તાવિયાડ તથા તેના મામાનો છોકરો જયેશભાઈ ભરતભાઈ ચારેલ બન્ને જણા જયેશની જીજે–૧૭–એલ–૭૧૩૭ નંબરની મોટર સાયકલ ઉપર સંજેલીથી મોલી ગામ તરફ જતાં હતા. તે દરમિયાન ઈટાડી ગામે જીજે–૨૦–એલ–૭૭૩૮ નંબરની બાઈકના ચાલકે પોતાના તાબાની મોટર સાયકલ પુરઝડપે અને ગફલતભરી રીતે રોંગ સાઈડમાં હંકારી લાવી જયેશની બાઈક સાથે અકસ્માત કરતાં બન્ને બાઈક પર સવારો પટકાયા હતા.

જેમાં બાઈક પાછળ બેઠેલા સૂર્યકાંતભાઈ તાવિયાડને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં મોત નિપજ્યું હતું. જ્યારે જયેશને માથામાં તથા પગે ઈજા તેમજ અકસ્માત કરનાર બાઈક ચાલકને પણ શરીરે નાની મોટી ઈજા થઈ હતી. ઈજાગ્રસ્ત જયેશને સારવાર માટે રીફર કરાયો હતો.

ત્યારે અન્ય ઈજાગ્રસ્તોને વધુ સારવાર ની જરૂર હોય હોસ્પિટલ ખાતે ખસેડયા હતા . જ્યાં અન્ય વ્યક્તિ ને ગંભીર ઈજાઓના કારણે સારવાર દરમ્યાન મોત થયું હોવાનું જાણવા મળી રહ્યું છે. ત્યારે અકસ્માત સંદર્ભે પ્રકાશભાઈ તાવિયાડએ અજાણ્યા બાઈક ચાલક સામે સંજેલી પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. સંજેલી પોલીસે ફરિયાદના આધારે વધુ કાર્યવાહી હાથ ધરી હોવાનું હાલ જાણવા મળી રહ્યો છે.

## દાહોદ સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના ઉપક્રમે ડૉ.જયપાલસિંહ મુંડા આદિવાસી ખેલ મહોત્સવ ૧૮ થી ખુલ્લો મુકાશે

દાહોદ, બિરસા આદિવાસી સાર્વજનિક ટ્રસ્ટ, દાહોદ સાયનેપ્સ મેડીકલ એશોસિએસન દાહોદ તથા સ્પોર્ટસ ઓથોરેટી ઓફ ગુજરાતના સંયુક્ત ઉપક્રમે ડૉ. જયપાલસિંહ મુંડા આદિવાસી ખેલ મહોત્સવ, દાહોદ ૨૦૨૪ નો ખેલ મહોત્સવ આગામી તારીખ ૧૮.૦૨.૨૦૨૪ના રોજ એસઆરપીએર ગ્રાઉન્ડ, પાવડી, તા.ઝાલોદ, જી.દાહોદ ખાતે દાહોદના સાંસદ જસવતસિંહ ભાભોરના અદયક્ષસ્થાને ખુલ્લો મુકવામાં આવનાર છે. ત્યારે આ કાર્યક્રમમાં સરકારી અધિકારીઓથી લઈ પોલીસવડા તેમજ રાજકીય પક્ષો પણ હાજર રહેનાર છે.

દાહોદ–પંચમહાલ–મહિસાગર ત્રણ જીલ્લાના આદિવાસી ભાઈ, બહેનોનો ડૉ. જયપાલસિંહ મુંડા આદિવાસી ખેલ મહોત્સવ, દાહોદ ૨૦૨૪ એસ.આર.પી. ગ્રાઉન્ડ, પાવડી, તા.ઝાલોદ, જી.દાહોદ ખાતે તા.૧૮.૦૨.૨૦૨૪ ના રવિવાર, સવારના ૧૦.૦૦ કલાકે ખુલ્લો મુકવામાં આવશે. જેમાં રમતવીરોને પ્રોત્સાહિત કરવામાં આવનાર છે. આ કાર્યક્રમમાં અદયક્ષ અને ઉદ્ઘાટક દાહોદના સાંસદ જસવંતસિહ ભાભોર, મુખ્ય મહેમાન દાહોદ અને ઝાલોદના ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી અને મહેશભાઈ ભુરીયા, અતિથી વિશેષ ડાયરેક્ટર જનરલ સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગરના આર.એસ.નિનામા, દાહોદ જીલ્લા કલેકટર યોગેશ બબનરાવ નીરગુડે, રેન્જ ડી.આઈ.જી., ગોધરાના આર.વી. અસારી, દાહોદ જીલ્લા વિકાસ અધિકારી, ઉત્સવ ગૌતમ, દાહોદ જીલ્લા પોલીસ વડા ડૉ. રાજદિપસિંહ ઝાલોદ, સેનાપતિ એસઆરપીએફ જુથ, પાવડીના મનીષ સિંહ, દાહોદ જીલ્લા શિક્ષણાધિકારી, સુરેન્દ્રસિંહ એલ. દામા અને દાહોદ જીલ્લા પ્રાથમીક શિક્ષણાધિકારી આરતસિંહ એ.બારિયા વિગેરે અતિથિઓ હાજર રહેનાર છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.149


પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# પાવાગઢ વડાતળાવ ખાતે ઘોઘંબા આર.એફ.ઓ.ના કેમેરામાં દુર્લભ રાખોડી શિર ટીટોડી જોવા મળી

ઘોઘંબા,

મધ્ય ગુજરાતમાં વિદેશી પક્ષી અને નવું રાખોડી શિર ટીટોડી નામનું પક્ષી પંચમહાલના પાવાગઢ ખાતે આવેલા વડાતળાવમાં જોવા મળ્યું છે. ઘોઘંબાના સામાજિક વનીકરણ વિભાગના આરએફઓના કેમેરામાં આ દુર્લભ પક્ષી કેદ થયું છે. રાખોડી શિર ટીટોડી પક્ષી અહીં જોવા મળતાં પક્ષીવિદો અને વન્યજીવ રસિકો માટે આ એક ખુશીના સમાચાર છે.આ પક્ષીને અંગ્રેજીમાં Gray Headed lapwig તરીકે ઓળખવામાં આવે છે.ઉલ્લેખનીય છે કે, અગાઉ ગુજરાતમાં આ પક્ષી એકવાર સુરેન્દ્રનગર પંથકમાં જોવાયું હતું. હાલ પાવાગઢ વડા તળાવ ખાતે કાદવ ખૂંદનાર પક્ષીની ૪૦ જેટલી પ્રજાતિના પક્ષીઓ જોવા મળે છે. જેમાંથી ૧૫ થી ૨૦ વિદેશી પક્ષીમહેમાન બન્યા છે. જોકે, વડાતળાવ ખાતે લોકોની સતત અવરજવર સહિતની પ્રવૃત્તિને લઈ અહીં પક્ષીઓને માંડ શાંતિથી બેસવા મળતું નથી. જેથી આ તળાવના વિસ્તારને પ્રોટેક્ટ કરવામાં આવે તો પક્ષીઓ વધુ સમય સુધી અહીં વિશ્રામ કરી શકે એમ છે, એવો મત આરએફઓ વ્યક્ત કરી રહ્યા છે.



પંચમહાલના જંગલો નયનરમ્ય, વનસ્પતિ અને વન્યજીવોથી સમૃદ્ધ છે.કુદરતે પ્રાકૃતિક સૌંદર્ય અહીં છૂટે હાથે વેર્યું છે. અહીંના જંગલો ઔષધિય, ફળાઉ અને દુર્લભ વનસ્પતિ અને અન્ય જૈવ વૈવિધ્યથી ભરપૂર છે ઉપરાંત આપણા જંગ્લો રીંછ, દીપડા, ઝરખ, ચૌશિંગા, વનીચર જેવા અનેક પ્રાણીઓ અને વિવિધ પક્ષીઓથી ભરપૂર છે. પરંતુ પાવાગઢ નજીક આવેલા વડાતળાવપક્ષી દર્શન અને ફોટોગ્રાફી કરતાં જયેશ દુમાદિયાના કેમેરામાં એક દુર્લભ પક્ષી કેદ થયું છે. જેને અંગ્રેજીમાં gray headed lapwing તરીકે ઓળખવામાં આવે છે. આ પક્ષી મૂળ ચીન, જાપાન, મંગોલીયા બાજુથી શિયાળામાં ભારતના કેટલાક રાજયો, શ્રીલંકા અને દક્ષિણ-પૂર્વ એશિયામાં મહેમાન બનતું પક્ષી છે. જે મધ્ય ગુજરાતમાં પ્રથમ વખત પુરાવા સાથે નોંધાયું છે.''કાદવ ખૂંદનારા (ફ્મચતિ) પક્ષીઓ જેવા કે મોટો બગલો, ફાટી ચાંચ ઢોંક,ચમચા, તુતવારી, તેજપર વગેરેના ફોટો આરએફઓ કિલક કરી રહ્યા હતા દરમિયાન ખેંચતા હતા તે દરમ્યાન દૂરથી પક્ષી જોવાયું હતુંડ જે ટીટોડી હતી પણ પંચમહાલમાં જોવા મળતી બંને પ્રજાતિ માંથી એક પણ નહોતી. જેથી વધુ ફોટા અને વિડીઓ ગ્રાફી કરી હતી. સાથે નજીક જવાનો પ્રયાસ કરતાં આ પક્ષી દૂર જઈને બેઠી હતી. આ વિદેશી પક્ષીની સામાન્ય વર્તણૂંક અહીંના પક્ષી કરતાં થોડી અલગ જોવા મળી રહી છે, એ માણસને જોઈ સતર્ક બની ઉડી જતી જોવા મળી હતી. ઉલ્લેખનીય છે કે, આપણી અહીંની પ્રજાતિની બે ટીટોડીઓ મોટેભાગે જોડીમાં જોવા મળતી હોય છે. પણ આ પક્ષી એકલું જોવા મળ્યું હતું.

## પંચમહાલ જિલ્લા પુરવઠા અધિકારીની ટીમ દ્વારા
# હાલોલના અરાદ ગામે ઘઉંનો બે નંબરનો સ્ટોક મળતા બે વેપારીના ગોડાઉન અને બંધ દુકાન સીલ



ગોધરા,

હાલોલ નજીક વાઘોડિયા તાલુકાના પાલડી ગામે આવેલ શ્રીજી એગ્રો ઈન્ડસ્ટ્રીઝમાં ઠલવાતા ઘઉંના પુરવઠાની ચકાસણી અંગે ગત ૦૭મી ફેબ્રુઆરીએ પંચમહાલ જિલ્લા પુરવઠા અધિકારી, વાઘોડિયા મામલતદાર, તેમજ હાલોલ મામલતદારની ટીમોએ આકસ્મિક તપાસ હાથ ધરી હતી. જેમાં હાલોલ તાલુકાના કેટલાક વેપારીઓની દુકાનોના બીલો કબજે લીધા હતા.

હાલોલના મહેતા એન્ટરપ્રાઈઝ અને અરાદ ગામના આમીર ટ્રેડર્સ તથા અર્શ ટ્રેડર્સના બીલો મેળવી પંચમહાલ જિલ્લા પુરવઠા અધિકારી તેમની ટીમ અને હાલોલ મામલતદારની ટીમે ગુરૂવારે આ વેપારીઓને ત્યાં આકસ્મિક તપાસ હાથ ધરી હતી. તેમને વાઘોડિયા ના પાલડીમાં આવેલી શ્રીજી એન્ટરપ્રાઈઝ ને વેચેલા ઘઉં અંગે તપાસ કરતા અરાદ ગામે આવેલ આમીર ટ્રેડર્સના પ્રોપરાઈટર આશિક સત્તારભાઈ શેખ તેમજ અર્શ ટ્રેડર્સના પ્રોપરેટર વાહીદા આશિકભાઈ શેખના ધંધાના સ્થળે તપાસ કરવામાં આવી હતી. તપાસમાં તેઓ દ્વારા વેચાણ કરવામાં આવેલ ઘઉં કોની પાસેથી ખરીદેલા છે, તે અંગેના કોઈ પણ પ્રકારના બિલો કે સ્ટોક રજીસ્ટર રજૂ ન કરતા, તેમજ ભારત સરકારના પોર્ટલ ઉપર ઘઉંનો દર અઠવાડિયે જાહેર કરવાનો સ્ટોક અંગે કોઈ રજીસ્ટ્રેશન કરવામાં નહીં આવેલું જણાઈ આવતા ગંભીર પ્રકારની ગેરરીતી જોવા મળી હતી.

અરાદ ગામના આ એક જ પરિવાર દ્વારા અલગ અલગ નામે ચલાવવામાં આવતી બે દુકાનો હસ્તકના બે ગોડાઉનો સીલ કરવામાં આવ્યા હતા અને બંને વેપારીઓ સામે નિયમુનાસર કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.જ્યારે પાલડી ખાતેની શ્રીજી એગ્રો ઈન્ડસ્ટ્રીઝ માંથી હાલોલના પાવાગઢ રોડ ઉપર એસબીઆઈની સામે આવેલ મહેતા એન્ટરપ્રાઈઝના બિલો મળી આવેલ જેથી તપાસ કરતા દુકાન બંધ હાલતમાં હોઈ દુકાનને સરકારી સીલ મારી દેવામાં આવ્યું હતું. વેપારી મંથન મહેતા સામે આગળની નિયમાંનુસાર કાર્યવાહી જિલ્લા પુરવઠા વિભાગ દ્વારા કરવામા આવી છે.

બંને વેપરીઓની દુકાનો અને ગોડાઉનોમાં હાલ કેટલો જથ્થો છે ? અને તેઓએ આ જથ્થો ક્યાંથી અને કોની પાસેથી મેળવ્યો ? આ જથ્થો શું ગરીબોને સરકારી સસ્તા અનાજની દુકાનમાંથી મળતા ઘઉંનો છે કે કેમ એ દિશામાં તપાસ હાથ ધરવામાં આવશે.

# ગોધરાના અબ્રાહમ પટેલના મુવાડા ગામે રોડ કોન્ટ્રાકટર દ્વારા સરકારી પડતર જમીન માંથી લાખો ટન માટી ખનન કરી તળાવ બનાવી દેવાયું

ગોધરા,

ગોધરાના અબ્રાહમ પટેલના મુવાડા ગામની સરકારી પડતર જમીનમાં રોડ કોન્ટ્રાકટર દ્વારા માટી ખનન કરી લાખો મેટ્રીક માટીનું ખનન કરી સરકારી પડતર જમીનને તળાવમાં ફેરવી નાખવામાં આવ્યું.



ગોધરાના અબ્રાહમ પટેલના મુવાડા ગામે સરકારી જમીનમાં રોડનું કામ કરતી એજન્સી દ્વારા આડેધડ માટી ખનન કરીને લાખો મેટ્રીક ટન માટીનું ખનન કરીને સરકારી પડતર જમીનને તળાવમાં રૂપાંતરીત કરી દેવામાં આવી છે. રોડ બનાવતા કોન્ટ્રાકટર દ્વારા સરકારી પડતર જમીન માંથી માટી ખનન કરવા માટે પરવાનગી લેવામાં આવી છે કે કેમ? એક તરફ ગોધરા શહેર નજીક સરકારી પડતર જમીન રહી નથી અને જે શહેરની નજીક વિસ્તારમાં રહી છે. તેવી સરકારી પડતર જમીનમાં કોઈપણ જાતની મંજુરી વગર માટીનું ખનન મોટી મશીનરી મુકીને કરવામાં આવ્યું. જેને લઈ સરકારી પડતર જમીન ખોદકામને લઈને તળાવ બનાવી દેવામાં આવ્યું છે. પ્રશ્ન થાય છે કે કોઈ રોડ રસ્તાની કામગીરી કોન્ટ્રાકટર કે એજન્સીને સોંપવામાં આવી હોય ત્યારે સરકારી પડતર જમીન માંથી માટી ખોદકામ કરી તેના ઉપયોગ કરવા માટેનો આવા ટેન્ડરોમાં ઉલ્લેખ થતો હશે કે પછી રોડની કામગીરી કરતાં કોન્ટ્રાકટરો નાણાંની બચત કરવા માટે નજીકના સ્થળેથી સરકારી પડતર જમીન માંથી માટી ખનન કરીને પોતાના પ્રોજેકટ પુરા કરવામાં આવી રહ્યા છે. હાલ ગોધરા નજીક અબ્રાહમ પટેલના મુવાડા ગામે સરકારી પડતર જમીન માંથી રોડ કોન્ટ્રાકટર દ્વારા સરકારી પડતર જમીન માંથી લાખો મેટ્રીક ટન માટી ખનન કરી તળાવ બનાવી દેવામાં આવ્યું છે. ત્યારે ગોધરા મામલતદાર કચેરી દ્વારા સરકારી પડતર જમીનમાં માટી ખનન માટે કોના દ્વારા મંજુરી આપવામાં આવી છે. જો મંજુરી વગર માટી ખનન કરવામાં આવ્યું હોય તો રોડ કોન્ટ્રાકટર સામે કાયદેસર કાર્યવાહી કરવામાં આવે તે જરૂરી છે.

# પ્રધાનમંત્રી કિસાન સન્માન નીધી યોજના હેઠળ ૧૦ દિવસીય રાષ્ટ્રવ્યાપીય KYC ઝુંબેશ હાથ ધરાશે

ગોધરા,

પ્રધાનમંત્રી કિસાન સન્માન નીધી યોજના હેઠળ ભારત સરકાર દ્વારા ૧૫માં હપ્તાથી ઈ-કેવાયસી ફરજીયાત કરવામાં આવેલ છે. આથી જે લાભાર્થીઓને ૧૫મો હપ્તો મળેલ ન હોય તો ૧૫મો હપ્તો અને આગામી ૧૬મો હપ્તો મેળવવા માટે ઈ-કેવાયસી બાકી હોય તેવા તમામ લાભાર્થીઓએ ઈ-કેવાયસી ફરજીયાત કરાવી લેવાનું રહેશે. સરકાર દ્વારા તા.૧૨ થી ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૪ દરમ્યાન કોમન સર્વિસ સેન્ટર (CSC) મારફતે ૧૦ દિવસીય રાષ્ટ્રવ્યાપી e KYC માટેની ઝુંબેશ હાથ ધરવામાં આવનાર છે. જેથી જેનુ ઈ-કેવાયસી બાકી છે. તેવા લાભાર્થીઓએ ગ્રામ્ય કક્ષાએ / નજીકના કોમન સર્વિસ સેન્ટર (CSC) ખાતે ઉપસ્થિત રહી બાયોમેટ્રીક ઓથેન્ટીફીકેશન દ્વારા ઈ-કેવાયસી કરાવી લેવાનું રહેશે.

આ ઉપરાંત ગ્રામ્ય કક્ષાએ ગ્રામસેવક, તાલુકા કક્ષાએ તાલુકા વિસ્તરણ અધિકારી(ખેતી), તેમજ જીલ્લા કક્ષાએ જીલ્લા ખેતીવાડી અધિકારીની કચેરીએ રૂબરૂ ઉપસ્થિત રહી ફેસ ઓથેન્ટિકેશન દ્વારા e KYC કરાવી શકશે.

વધુમાં ગ્રામ્ય કક્ષાએ કોઈપણ યુવાન દ્વારા PM કિસાન મોબાઈલ એપ્લિકેશનનો ઉપયોગ કરી પીએમ કિસાનના લાભાર્થીના આધાર ઓટીપીનો ઉપયોગથી લોગ ઈન કરી અન્ય ૧૦ લાભાર્થીઓનું ફેસ ઓથેન્ટિકેશન દ્વારા ઈન્કેવાયસી કરી શકે છે. જે લાભાર્થીઓનો આધાર સાથે મોબાઈલ લીંક હોય તેવા લાભાર્થીઓ આધાર ઓટીપી દ્વારા ઘરે બેઠા પણ સરળતાથી જાતે જ e KYC કરી શકે છે, તેવું જીલ્લા ખેતીવાડી અધિકારીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# ગોધરાના પોપટપુરા ગામેથી સફેદ પથ્થર ભરેલ ટ્રક સાથે ઈસમને ઝડપી પાડતી ખાણ ખનિજની ટીમ



ગોધરા,

ગોધરા ખનિજ માફિયા સામે જિલ્લા ખાણ-ખનિજ વિભાગે અસરકારક કામગીરી કરી એક પછી એક દરોડા પાડી ગેરકાયદે ખનિજ વહન કરતા તત્વો સામે કાર્યવાહી કરતા ફફડાટ ફેલાયો છે. ગોધરા ખાણ-ખનિજ વિભાગે સફેદ પથ્થર ભરેલા એક વાહન પકડી ૧૫ લાખનો મુદામાલ કબજે કરી કાર્યવાહી હાથ ધરી છે. પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના પોપટપુરા ગામે એક ટ્રક ઝડપી પાડી એક ઈસમની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પંચમહાલ જિલ્લામાં આવેલા તાલુકા ઓમાં બ્લેકટ્રેપ અને સફેદ પથ્થર અને રેતીની ગેરકાયદે ચોરી તથા ગેરકાયદે ખનન તેમજ વહન કરવાની ગેરકાયદે પ્રવૃતિ આચરવા માફિયા તત્વો બેફામ બન્યા છે. ખનીજચોરીના દુષણને ડામવા આકરા પગલા લેવાની શરૂઆત કરવામાં આવી છે. પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના પોપટપુરા ગામે ખાણ ખનીજ વિભાગની ટીમ દ્વારા રાત્રિ દરમિયાન ચેકીંગ હાથ ધરવામાં આવી હતી.જ્યાં રાત્રિ દરમિયાન એક ટ્રક શંકાસ્પદ હાલતમાં આવી રહી હતી ત્યારે તેની અટકાયત કરવામાં આવી હતી. જેમાં ટ્રક નં.જીજે-૧૮-ટી-૯૨૭૮ ચાલક એઝાદ અશરફ બંગલાવાલા પાસે રોયલ્ટી પાસની માંગણી કરતા તેને રજુ કરવામાં આવ્યું ન હતું. જેથી તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવા માટે ટ્રકનું વજન કરાવતા આશરે ૧૬ મેટ્રિક ટન સફેદ પથ્થર મળી આવ્યો હતો. જેથી ખાણ ખનીજ વિભાગની ટીમે ૧૫ લાખના મુદ્દામાલ સાથે એઝાદ અશરફ બંગલાવાલાની અટકાયત કરી મુદ્દામાલને સીજ કરી ગોધરા કલેકટર કચેરી ખાતે મૂકવામાં આવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત જુલાઈ ૨૦૨૩ માં ગોધરા ખાણ ખનીજ વિભાગ ની ટીમ દ્વારા આજ ટ્રક નં.જીજે -૧૮-ટી-૯૨૭૮ ઝડપી પાડી શહેરા મામલતદાર કચેરી ખાતે મુકવામાં આવી હતી. ત્યારે એ દરમિયાન આ ટ્રકને શહેરા મામલતદાર કચેરી ખાતેથી રાત્રિ દરમિયાન ચોરી જવામાં આવી હતી. જેને કારણે ગોધરા ખાણ ખનીજ વિભાગે આ ટ્રક ચાલક ઉપર ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. ત્યારે ફરી એકવાર ગોધરા તાલુકાના પોપટપુરા ખાતેથી ચેકિંગ દરમિયાન શંકાસ્પદ રીતે આવી રહેલ ટ્રક નં.જીજે-૧૮-ટી- ૯૨૭૮ ગત રાત્રીએ ઝડપી પાડવામાં આવી છે અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ગોધરા તાલુકાના લીલેસરા ગામની જમીન ખોટા દસ્તાવેજનો સાચા તરીકે ઉપયોગ કરી જમીન પડાવી લેવાના ગુનાના આરોપી સાબેરાબીબીની આગોતરા જામીન અરજી નામંજુર કરતી કોર્ટ

ગોધરા,

ગોધરા તાલુકાના લીલેસરા ગામની સર્વે નં.૫૪/૧૦ વાળી જમીનમાં આરોપીઓએ ખોટા દસ્તાવેજો ઉભા કરી તેના સાચા તરીકે કરી ગુના આચરતા આરોપીઓ વિરૂદ્ધ ફરિયાદ નોંધાઈ હતી. આ ગુનામાં મુખ્ય આરોપીએ કોર્ટમાં આગોતરા જામીન અરજી મૂકી હતી. તેની સુનાવણી હાથ ધરતાં જામીન અરજી નામંજુર કરાઈ.

ગોધરા તાલુકાના લીલેસરા ગામની સર્વે નં.૫૪/૧૦વાળી ખેતી ઉપયોગી જમીન ફરિયાદીના પિતાના ફોઈ હસીમામુસા આલમના નામે આવેલ હોય જે જમીનમાં ફરિયાદના પિતામાં ફોઈ ૧૯૨૬ની સાલમાં વેચાણ હકકથી દાખલ થયા હતા. ૭/૧૨માં નામ ચાલુ હતી અને ૧૯૫૫માં પાકિસ્તાન ખાતે જતા રહેલ હતા અને આ સર્વે નંબરવાળી જમીન ફરિયાદીના પિતાના ફોઇના નામે ચાલુ હતી અને સાબેરાબીબી હાફીજ ઈબ્રાહીમની દિકરીને અબ્દુલ રઝાક સાબુની પત્ની જમીનમાં પોતાના નામે વારસાઈ કરેલ હોવાનું જણાઈ આવતા તપાસ કરતાં સર્વે નં.૫૪/૧૦વાળી જમીન નોંધ નં.૧૦૨૯૮ સાબેરાબીબી હાફીજ ઈબ્રાહીમ તે અબ્દુલ રઝાક સાબુના નામે થયેલ જે આધારે કલેકટર કચેરીમાં અરજી કરેલ હતી. જેમાં આરોપીઓ સાબેરાબીબી, સુલેમાન અબ્દુલ સત્તાર કુરકુર, મોહસીન ઈસ્માઈલ ભટુક, શોકત સિદ્દીક જુજારા, સોહેબ સુલેમાન કુરકુર એ જમીન પચાવી પાડવા ખોટા દસ્તાવેજો બનાવી તેના સાચા તરીકે ઉપયોગ કરી ગુના કરતાં આ બાબતે ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. આ ગુનામાં આરોપી સાબેરાબીબી હાફીઝ ઈબ્રાહીમ બિદાની તે અબ્દુલ રઝાક સાબુની પત્નીએ કોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરેલ હતી. તે જામીન અરજીની સુનાવણી ચોથા એડીશનલ ડીસ્ટ્રીકટ જજ પી.એ.માલવીયાની કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ રાકેશ એસ.ઠાકોર એ દલીલો કરતાં દલીલોને ગ્રાહય રાખી સાબેરાબીબીની જામીન અરજી નાંમુજર કરવામાં આવી.

# કાલોલના મધવાસ ચોકડી પાસે ફોરવ્હીલ ચાલકે બાઈકને ટકકર મારતાં બાઈક ચાલકનું મોત

કાલોલ તાલુકાના મધવાસ ચોકડી પાસે હાલોલ થી ગોધરા તરફ જતી સ્વીફ્ટ કારના ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી મધવાસ ગામના રહિશ બાઈક ઉપર રસ્તો કોસ કરતા હતા. દરમિયાન બાઈકને ટકકર મારી બાઈક ચાલકને ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નિપજાવી ગુનો કર્યાની ફરિયાદ કાલોલ પોલીસ મથકે નોંધાવા પામી છે.

# મોરવા(હ)ના કરશનપુર ગામે સહિયારી જમીનના ઝાડ વેચાણ આપવા બાબતે મારમારતાં ફરિયાદ

મોરવા(હ),

મોરવા(હ) તાલુકાના કરશનપુર ગામે ફરિયાદી પોતાના ઘર પાસે ઉભા હતા. ત્યારે બે આરોપી ઈસમો આવીને સહિયારી બિનખેતી લાયક જમીનમાં આવેલ ઝાડનો સોદો મને પુછ્યા વગર કેમ કર્યો છે. તેમ ગાળો આપી ગડદાપાટુનો મારમારતાં ફરિયાદ.

પ્રાપ્ત વિગતો મુજબ મોરવા(હ) તાલુકાના કરશનપુર ગામે રહેતા સાલમસિંહ રતનસિંહ પટેલ પોતાના ઘરની પાસે ઉભા હતા. ત્યારે બે ઈસમો વજેસિંહ રતનસિંહ પટેલ અને તુષારભાઈ વજેસિંહ પટેલ આવ્યા હતા અને આપણી સહિયારી બિનખેતીલાયક જમીનમાં આવેલ ઝાડનો સોદો મને પુછ્યા વગર કેમ કર્યો છે. જમીન તારા બાપ એકલાની નથી તેમ કહી ગાળો આપી ગડદાપાટુનો મારમારી ગુનો કર્યાની ફરિયાદ મોરવા(હ) પોલીસ મથકે નોંધાવા પામી છે.

# વેજલપુર કાનોડ ચોકડી પાસે ફોર વ્હીલ ચાલકે અચાનક વાહન વળાવી દઈ બાઈકને અડફેટમાં લેતાં બે વ્યકિતને ઈજાઓ

વેજલપુર,

કાલોલ-વેજલપુર હાઈવે રોડ કાનોડ ચોકડી પાસે ફોર વ્હીલ ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી અચાનક કાનોડ ચોકડી તરફવાળી દઈ બાઈકને અકસ્માત કરી ચાલક અને પાછળ બેઠેલ વ્યકિતને રોડ ઉપર પાડી દઈ ઈજાઓ પહોંચાડતા ફરિયાદ નોંધાઈ.

પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ-વેજલપુર હાઈવે રોડ ઉપર કાનોડ ચોકડી પાસેથી પસાર થતી ફોર વ્હીલ ગાડી નં.જીજે.૦૭.બીએન.૬૯૬૮ના ચાલકે વેજલપુર તરફથી આવી અચાનક કાનોડ ચોકડી તરફવાળી દઈ બાઈક નં.જીજે.૧૭.સીએચ.૩૯૭૯ને અકસ્માત કરી બાઈક ચાલક ગૌતમભાઈ ચૌહાણ અને પાછળ બેઠેલ વ્યકિતઓને રોડ ઉપર પાડી દીધા હતા. જેને લઈ બાઈક ચાલક અને પાછળ બેઠેલ વ્યકિતને ઈજાઓ પહોંચાડી ગુનો કર્યાની ફરિયાદ વેજલપુર પોલીસ મથકે નોંધાવા પામી છે.

# શહેરા કુણ નદી માંથી મોટાપાયે ખનિજ ચોરી નંબર વગર બે ટ્રેકટરોમાં રેતીનું હેરાફેરી

શહેરા,

શહેરા તાલુકાના ગ્રામીણ વિસ્તારમાં આવેલ ઉમરપુર,ખોડા, ડેમલી સહિત અન્ય ગામ માંથી પસાર થતી કુણ નદીમાં મોટા પાયે ખનીજ ચોરી થતી હોવા છતાં મામલતદાર , ખાણ ખનીજ વિભાગ દ્વારા આ સામે અસરકારક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી નથી. જોકે નંબર પ્લેટ વગરના ટ્રેકટર સહિતના અન્ય વાહનોમાં ગેરકાયદે રેતીની હેરફેરી દિન પ્રતિદિન વધી રહી છે.શહેરા તાલુકામાં લિઝ નહી હોવા છતાં સફેદ રેતીનો કાળો કારોબાર ધમધમી રહ્યો છે.ખનીજ ચોરી અટકાવવા માટે સંબંધિત તંત્ર દ્વારા આ સામે અસરકારક કાર્યવાહી કરવામાં નહી આવી રહી હોવાથી ઊંમરપુર, ખોડા તેમજ અન્ય ગામોમાં પસાર થતી કુણ નદીમાં મોટા માથાઓ અને ઉંચી પહોંચ ધરાવતા વ્યક્તિઓ દ્વારા નદીમા લિઝ નહી હોવા છતાં રેતી કાઢીને ટ્રેક્ટર સહિતના અન્ય વાહનોમાં હેરાફેરી થઈ રહી છે. જોકે, ગેરકાયદે રેતી ભરેલ અમુક વાહનોમાં નંબર પ્લેટ નહી હોવા સાથે ચાલક પાસે લાયસન્સ વગર તાલુકા મથક તેમજ નગરના ભરચક વિસ્તારમાં અને હાઈવે પરથી પસાર થતા હોય છે. ગેરકાયદે રેતી ભરેલ વાહનો હાઈવે ઉપર તેમજ તાલુકા મથક ખાતેથી બિન્દાસ્ત મોટા અવાજે ગુજરાતી અને હિન્દી ગીતો વગાડતા નીકળતા હોય ત્યારે સબંધિત તંત્રનો કોઈ ડરના રહ્યો હોય આ ખનીજ ચોરો ને એવી અનેક ચર્ચાઓ લોકોમાં થઈ રહી હતી.ખનીજ વહન કરતા વાહનો માં નિયમોનું પાલન નહીં થતું જોવા મળવા સાથે ખનીજ ચોરી દિન પ્રતિદિન વધતી જતી હોય ત્યારે સ્થાનિક મામલતદાર સહિતના જવાબદાર તંત્ર દ્વારા આ સામે પોતાની નૈતિક ફરજ ક્યારે બજાવશે ?જોકે પોલીસ તંત્ર દ્વારા આમ બીજા અન્ય વાહનોને નંબર પ્લેટ ના હોય તો ઊભા રાખીને નિયમો જણાવતા હોય ત્યારે ગેરકાયદે રેતી ભરીને નીકળતા નંબર પ્લેટ વગરના આવા વાહનો સામે કાર્યવાહી કરવામાં કોઈ રસ નથી કે પછી કયું કારણ હશે? તાલુકાના ગ્રામીણ વિસ્તારમાં આવેલી કુણ નદીમાં મોટા ખાડાઓ પાડીને ખનીજ ચોરો રેતી કાઢીને રૂપિયા કમાઈ રહ્યા હોય ત્યારે બીજી તરફ જોવા જઈએ તો સંબંધિત તંત્ર દ્વારા ખનીજ ચોરી અટકે એ માટે આ સામે અસરકારક કાર્યવાહી કરવામાં નહી આવતા સરકારી તિજોરી ને અને નદીને નુકશાન પહોંચી રહયુ છે.તાલુકા પંથકમાં થતી ખનીજ ચોરી અટકે એ માટે ગાંધીનગર ખાતે જાગૃત વ્યક્તિ દ્વારા લેખિત અને મૌખિક રજૂઆત આવનારા દિવસોમાં કરવામાં આવનાર છે.